જીવન એક હસાહસ

અને

માણસ એક ટુચકો

# હાસ્ય વ્હાલનો દરિયો..

શ્રી રમેશ ચાંપાનેરીના હાસ્યનિબંધો

રમેશભાઈચાંપાનેરી

A/6 નંદનવન પાર્ક, ટીવી રીલે કેન્દ્ર

અમરનાથ મંદિર સામે, વલસાડ

ફોન 91 94268 88880

અક્ષરનાદ
AksharNaad.com

# શ્રદ્ધા-સુમન સાથે સમર્પણ

જેમના પ્રત્યેક શ્વાસમાં હાસ્યનો રણકાર- જીવનનો ઝંકાર અને માનવતાના મોલ જોયા છે,
અને જેમણે મને હાસ્યના તખ્તા ઉપર લાવી તખ્તાની ઓળખ આપી,
વિશ્વ હાસ્ય પરિષદમાં હાસ્યની મહેફિલમાં પડખે રાખી મને પોતીકો બનાવ્યો છે, એવાં.

સ્વ. મહેન્દ્રભાઈ પી. ઠક્કર (છોટમ) અને એમના ધર્મપત્ની સ્વ. નિરંજનાબેન મહેન્દ્રભાઈ ઠક્કર
હાસ્યના પર્યાય જેવાં મધુર અને મિતભાષી એમના સુપુત્ર અને પરમ સ્નેહી સ્વ. ભદ્રેશકુમાર (મીની
છોટમ) અને પ્રાર્થનાબેન તથા સમગ્ર પરિવારને
મારી આ હાસ્યયાત્રાનું શ્રેય સમર્પિત કરું છું.

# અનુક્રમ

આવકાર... - રમણલાલ પાઠક (વાચસ્પતિ)....4
રમેશ ચાંપાનેરી મને ગમે છે.. - અશોક દવે ....7
ઉઘડતા પાને પોતાની પંચાત....9
રેડીઓ તમારો - કાર્યક્રમ અમારો....12
પોલ્ટ્રીકસ....16
છેલ છબીલો મદ્રાસી....19
નંદનવન....23
મિ. વતેસરશ્રી.. ....30
નવી પેઢીના નરોતમો... ....33
આજથી રસોડું બંધ છે... ....36
ખત લિખતા હું ખૂનસે....42
ચમચાઓથી સાવધાન....46
નિબંધ ઉપર નિબંધ..! ....50
ભ્રમણ વગરના ભમરડા ....52
સભ્યતાના પંચક. ....58

## આવકાર... - રમણલાલ પાઠક (વાચસ્પતિ)

નવ રસોમાં શાસ્ત્રકારોએ ભલે શ્રુંગારને રસરાજ કહ્યો અને હાસ્યને છેલ્લો ક્રમ આપ્યો, પરંતુ રસસિદ્ધિમાં કદાચ સૌથી વધુ દુષ્કર હાસ્યરસની સિદ્ધિ છે. મોટો ભય તો એ રહે છે કે, જો સાચો અને સચોટ હાસ્યરસ સિદ્ધ ન થયો તો ભાવકને હસાવવાનો પ્રયત્ન કરનાર, જે સર્જક હોય યા અભિનેતા, સ્વયં હાસ્યાસ્પદ બની જાય છે. કાવ્ય મીમાંસકોએ ઔચિત્યને કાવ્યનું જીવિત કહ્યું છે, પરંતુ આ શરત સૌથી  વધુ તો હાસ્યને જ લાગુ પડે છે. કારણ હાસ્યનો માર્ગ જોખમી છે. જો જરાક જ પથ ભૂલ્યો તો હાસ્યરસ હાસ્ય ન રહેતાં, કશુંક અણગમતું, અભદ્ર, અરુચિકર યા જુગુપ્સાકારક બની રહે છે. માટે જ સૂક્ષ્મ અને સ્થૂળ એવાં બે ભેદ હાસ્યના માન્ય થયા છે. કદાચ સ્થૂળથીય નીચે ઉતરી, રસ અપરસમાં પરિવર્તિત થઈ જાય છે. જેમાં કવિના કથન મુજબ ‘કપાતર’ ને જ પછી આનંદ આવે.

હાસ્યરસના શાસ્ત્રકારો બે શાસ્ત્રીય ભેદ પણ પાડે છે: પરિહાસ અને ઉપહાસ. કેવળ હસાવવા ખાતર રમૂજી, હાસ્યપ્રેરક વિધાનો, વર્ણન યા પાત્ર સર્જવા એ પરિહાસ છે. પરિહાસ એટલે નિર્હેતુક હાસ્ય, જેને તે સંદર્ભે શુદ્ધ હાસ્ય પણ કહી શકાય. આવા સર્જન પાછળ કેવળ ભાવકને હસાવવાનો જ આંતરિક સ્વયં પર્યાપ્ત હેતુ હોય. જ્યારે ઉપહાસ પણ હસાવે તો છે જ. છતાં એનો હેતુ સર્જનથી બહારનો હોય છે. અર્થાત ઉપહાસ એટલે સહેતુક હાસ્ય.

શ્રી જ્યોતીન્દ્ર દવે લખે છે કે, ‘ઉપહાસનો હેતુ સુંદરતાનો સ્વાંગ સજીને આવતી કુરુપતાને શિષ્ટતાના આવરણ હેઠળ રજુ થતી મલિનતાને, સાધુતાનો અંચળો ઓઢી સમાજમાં વિચરતી દુષ્ટતાને, એના સાચા અને ખુલ્લા સ્વરૂપમાં રજુ કરવાનો હોય છે. એમ કરવા માટે તેનો સર્જક ઉપહાસ એટલે કે કટાક્ષનો આશરો લે છે. કટાક્ષ પાછળ ક્યારેક લેખકનો પુણ્યપ્રકોપ રહેલો હોય છે.’

કટાક્ષ એટલે વાંકી નજરે જોવું તે. સુંદરી કોઈ પુરુષની  સામે વાંકી નજરે જુએ, તો એવા નરનું નશીબ ખુલી જાય, તે ધન્ય ધન્ય થઇ જાય. પરંતુ નેણની વક્રતાની અપેક્ષાએ વેણની વક્રતા બિલકુલ ઉલટી ભૂમિકા ભજવે છે; જે વક્રતા કટાક્ષકાર હાસ્યલેખક અજમાવે છે.આવો સર્જક જેના પ્રતિ પોતાના વાકબાણ છોડે; તેને લોહી લુહાણ કરી, ઉઘાડો પાડી, જમીનદોસ્ત કરી નાંખે છે. કારણકે, તે મનુષ્યની નિર્બળતા, દુષ્ટતા, મૂર્ખતા, લોલુપતા, દંભ, કુટિલતા, આદી વૃતિઓને ચીરી નાંખી, તેના સેવનારને સાવ નગ્ન કરી સમાજ સમક્ષ રજૂ કરી દે છે. કટાક્ષકાર ઊંચા આસને બિરાજી, એના આ રામબાણ સાધન વડે સમાજશુદ્ધિનો યજ્ઞ આદરે છે. છતાં તે કાર્ય તે આંતરિક સહાનુભૂતિ પૂર્વક લાગણીથી બજાવે છે. હાસ્ય લેખક માટે એક આકરી શરત પણ સદાય ખડી હોય છે. અને તે એ કે, આવો કટાક્ષ સાચું કલા  સ્વરૂપ ધારણ કરીને આવવો જોઈએ.

શ્રી રમેશ ચાંપાનેરી  લોકોને હસાવવા માટે ગુજરાતમાં જાણીતા છે, અને ઘણા લોકપ્રિય પણ છે. હવે તેઓ સર્જક તરીકે પણ પ્રથમ વાર પ્રગટ થાય છે. ત્યારે  આ સંગ્રહ ‘ આ-નંદદ્વવાર’ જોતા, એમને આનંદથી આવકારવાનું મન થાય, એટલી સત્વશીલતા તો અચૂક તેઓ પ્રગટાવે છે. આનંદનાં દ્વાર  ખોલીને તેઓ આપણને હાસ્ય માણવા નિમંત્રે છે, અથવા તો એ દ્વારમાંથી હિંમતભેર પોતાના સસ્ત્રાસ્ત્ર લઇ, હવે મેદાનમાં આવે છે. ત્યારે એમનું હાસ્ય કૌશલ્ય ચકાસવા-માણવાનો પ્રસંગ જતો કરવા જેવો તો નથી જ, એમ આ સંગ્રહ જોતા અનુભવાય છે.

શ્રી રમેશ ચાંપાનેરી પરિહાસની અપેક્ષાએ ઉપહાસમાં બહેતર ખીલે છે. એમ કહેવું વધુ સાચું રહેશે;  કારણ કે, માનવીની તથા માનવ સમૂહની નિર્બળતાઓ તેઓ પામી શક્યા છે. એના પર તેઓ હળવા ચાબખાં વીંઝે છે, પરંતુ એ ચાબખા સ્થળે-સ્થળે તેજાબમાં બોળેલા છે; તો સાથે સાથે જ સૂક્ષ્મ, હાર્દિક આત્મીય ભાવથી સુધરવાની દિશા પણ ચીંધી જાય છે. એવા કેટલાક દાખલા જોઈએ-

(૧) સભા એ નેતાનો ખોરાક છે, અને સરઘસ એ નેતાનું ઝેર છે.

(૨) આપના સમયમાં સત્યાગ્રહનો કેવો વટ હતો?  અરે, સરઘસનો પણ કેવો વટ હતો?

(૩) ‘ચંપક: દોસ્ત તું પાગલ છે, પણ એજ્યુકેટેડ પાગલ છે.

(૪) ‘પેટ અને પત્ની તો એકબીજાના પર્યાય છે અમને ભોજનનું મળતર મળે છે, ત્યારે એનું વળતર પણ એમને મળવું જોઈએ.

(૫) ચટકા ભરી ભરીને માંકડ લોહી નથી પીતો, લોહી ચાખી ચાખીને માણસને શોધે છે. પણ માણસ આજે મળે છે ક્યાં..?

(૬) ‘હું ગાંડો હોઉં તો ‘એ વિષય ઉપર મારે નિબંધ લખવાનો હતો. હું ‘હું’ નો અર્થ સમજી શકેલો નહીં. (આજે પણ કોણ ‘હું’ નો અર્થ સમજે છે?) એટલે હું ‘હું’ એટલે શિક્ષક – એમ સમજી શિક્ષક  (ગાંડો હોય તો) ઉપર નિબંધ લખીને ગયો. હું શબ્દ કેટલો જોખમી છે, તે હું તે દિવસે શીખેલો.”

આવા તો સંખ્યાબંધ ઉદાહરણો આ સંગ્રહમાં ઠેકઠેકાણેથી મળે; જે સિદ્ધ કરે છે કે, શ્રી રમેશ ચાંપાનેરીને કટાક્ષ કલા સિદ્ધ છે.. તેઓ જેમ આવી વાક્યરચના, અલંકાર, વક્રદર્શનો તથા પ્રસંગ-પરિસ્થિતિની વિચિત્રતાઓનો વિનિયોગ કરીને હાસ્ય  જન્માવે છે: તેમ ભાષા તથા શબ્દના ખેલ રજુ કરીને પણ હાસ્ય પ્રેરી શકે છે. દા.ત. ઉપરના અવતરણોમાં ‘વટ’ અને ‘’ વટહુકમ’ કે ‘મળતર’ અને ‘વળતર’  જેવા શબ્દખેલ

છે, એ ઉપરાંત ‘પોલિટિક્સ‘ અને ‘પોલ ટ્રીક્સ‘, ‘સ્વર્ગસ્થ‘ સામે ‘પૃથ્વીસ્થ', પીતાંબર - વસ્ત્ર અને નામ, મહા(વા)મન, ‘રેડીઓ તમારો, કાર્યક્રમ અમારો‘ માના સળંગ શબ્દપ્રયોગો, ’વોર્ડ નહીં એવોર્ડ આપો ‘ જેમાં એ-વોર્ડ પણ વાંચી શકાય. ‘સર-નામું' વગેરે સંખ્યાબંધ.

શ્રી રમેશ ચાંપાનેરીના હાસ્ય નિબંધ-નિબંધીકાઓ, જેમાં સંવાદો યા નાટિકાઓ પણ છે - એ વાંચવા ગમે એવા છે. તથા એમાંથી આપણે હાસ્યની લ્હાણ પણ માણી શકીએ છીએ. એકંદરે બધા જ નિબંધો સારી હાસ્ય કૃતિઓ  છે. જેમાં ‘મિ.વતેસરશ્રી’, 'સભ્યતાના પંચક', ‘નવી પેઢીના નરોતમો’, ‘ચૂલાબંધી’, ‘વોર્ડ નહીં એવોર્ડ આપો‘, ‘મહા(વા)મન', ‘ક્રિકેટનો કકળાટ', ‘સમયની સાડાસાતી' ‘રેડીઓ તમારો, કાર્યક્રમ અમારો’, ‘ નિબંધ ઉપર નિબંધ',  ‘વૅકેશનનો વિલાપ' ઇત્યાદિ ખાસ ઉલ્લેખનીય છે.

આમ શ્રી રમેશ ચાંપાનેરી ગુજરાતની હાસ્ય પ્રેમી જનતા સમક્ષ આનંદના દ્વાર ‘ આ-નંદદ્વાર ‘ દ્વારા ખોલીને ખડા થાય છે; ત્યારે આપણેય એમને આનંદભેર આવકારીએ. નવા જન્મેલ બાળકના જેમ લેખાં-જોખાં નાં લેવાય,  એને તો વધાવી જ લેવાય. તેમ શ્રી રમેશ ચાંપાનેરીને પણ આપણે પ્રથમ પ્રવેશે વધાવીએ જ. કારણ કે ભાવિ શક્યતાઓની આગાહી જેમ બાળક બાબતે તેમ લેખક બાબતે, ભાગ્યે જ થઇ શકે. અલબત ઉજ્જવળ એંધાણ આછાં-આછાં ય વર્તી શકાય. એવા અણસાર બદલ શ્રી રમેશ ચાંપાનેરીને અભિનંદન આવકાર !

- રમણભાઈ પાઠક ( વાચસ્પતિ ) *રમણભ્રમણ ગુજરાતમિત્ર - કટારલેખક*

## રમેશ ચાંપાનેરી મને ગમે છે.. - અશોક દવે

પરમેશ્વર ક્યારેક એક જ વ્યક્તિમાં ઘણા બધા ગુણોની સાથે ઘણી બધી કલાઓ પણ આપી દઈને બીજાઓ માટે એને ઈર્ષા પાત્ર બનાવે છે. તો ઘણા બધાને એ વ્યક્તિ ઓળખતી પણ ન હોવા છતાં ઘણા બધાં દાવો કરે છે કે, " એ તો આપણા ખાસ દોસ્ત.. રોજ ચા સાથે જ પીવાની ! "

રમેશ ચાંપાનેરી માટે ય આવું ઘણાને કહેતા સાંભળ્યા છે. અને સાચું કહું તો એમને મલ્યા પછી આપણને ય ગર્વ થાય  એમના મિત્ર બનવાનો. એવો નખશિખ જેન્ટલમેન છે એ

હૈદરાબાદમાં વર્ષો પહેલાં મળેલી 'વર્લ્ડ હ્યુમર કોન્ફરન્સ' માં રમેશને પહેલીવાર મળવાનું થયું. એમના રોમેરોમમાં 'હ્યુમર' ભરેલું હોવાથી હાથ મિલાવો તો હાથ પણ હસવા માંડે, એટલે મિત્રો બની જતાં વાર ન લાગી. 'તેઓ એક ઊંચા ગજાના હાસ્ય કલાકાર છે ને સ્ટેજના બાદશાહ છે' નો અનુભવ હૈદરાબાદમાં થઇ ગયો. એ પછી તો એ સમયમાં સમગ્ર ભારતને ઘેલું કરી દેનાર સાગરની ટીવી – શ્રેણી  ' રામાયણ' માં પણ એમનો એમનો અભિનય જોયો. રેડીઓ-ટીવી પર એમના કાર્યક્રમો અવાર નવાર આવતા રહે.. મિત્રનો વિકાસ જોઈ ખુશી તો થાય જ પણ એમણે મને વધારે ખુશી આપી હાસ્યખક બનીને ! તેમનામાં હાસ્ય સાહીંત્ય પણ છુપાયેલું હતું એ તો ક્યાંથી ખબર હોય? ખબર પડી ત્યારે વિશેષ આનંદ થયો. ગુજરાત અને મુંબઈ ભેગા કરીએ તો ય ટોટલ આઠ હાસ્ય લેખકો નથી થતા, ત્યારે આવી કારમી અછતમાં રમેશનો પ્રવેશ આવકાર્ય છે. કહે છે ને હમણાં એક જાહેરાત આપી જુઓ ૫૦૦ નવલકથાકારો, ૧૨૫૦ વિવેચકો, ૩૯૯૬ ટૂંકી વાર્તાકારો અને ૩૦,૪૭,૬૭૯ કવિઓ મળી આવશે, પણ એ બધામાંથી ય એક હાસ્ય લેખક તો કદાચ માંડ મળે ! આ રમેશ પણ માંડ મળેલા જીવ છે.

એમના આ સંગ્રહના તમામ લેખો હું રસપૂર્વક વાંચી ગયો છું. ખૂબ પરિશ્રમ પૂર્વક તેઓ લખતા હશે. એની સાબિતીઓ મળી આવે છે. તેઓ બહુધા નિરીક્ષણના લેખક છે. જોયું-સાંભળ્યું હોય એમાં વિચારોનું બોનસ ઉમેરીને આપણને આપે છે. ક્યારેક તો આશ્ચર્યચકિત કરી દે એવા વિષયો પણ એમને સુઝે છે. ક્યારેક ધારદાર તણખા પણ આવી જાય.સપાટી પર તરતા રહીને રમેશ સારું લખે છે. વર્તમાન પ્રવાહો પર એમની નજર તીરછી બને છે ત્યારે વેધક કટાક્ષો પણ જન્મ્યા છે.

રમેશને હજી ચાર પાંચ વર્ષ આપી શકાય, વાંચકોની મોટી સંખ્યા પડાવી લેવા માટે. કારણકે, ભંડાર તો ભર્યા જ છે એમની પાસે ! કેવી રીતે એમાંનું શ્રેષ્ઠ બહાર લાવતા રહેવું, એની ચાવીઓ એમની પાસે છે જ.

પણ એક વાત વાંચકોના ધ્યાન પર લાવવી પણ જરૂરી છે. કોઈપણ હાસ્ય લેખકને વાંચો ત્યારે એના લેખને વાંચવો જોઈએ. લેખ ગમે, ન ગમે એ જુદી વાત છે, પણ કોઈની સાથે એની સરખામણી કરીને ન વાંચવું જોઈએ. મૂળ તો હાસ્યનો એક ફકરો લખવો જ કપરું કામ છે.. લખી જોશો તો ખ્યાલ આવશે. એ હીંશાબે, રમેશે પણ એમના સામર્થ્યમાં શ્રેષ્ઠ કામ કર્યું છે. મારી શુભેચ્છા એમની સાથે છે.

- અશોક દવે ( બુધવારની બપોરે – ગુજરાત સમાચાર )

## ઉઘડતા પાને પોતાની પંચાત

જિંદગીની આ જ તો મજા છે રમેશ,
વાદળને શોધવા ગયો તો આકાશ મળી ગયું..

અગિયાર-અગિયાર વર્ષના વ્હાણા વાયા પછી, આ ત્રીજું સર્જન કરું છું બોસ.!! આ અગાઉ કોઈપણ પ્રકારની બાધા આખડી વગર બે સર્જન થયેલાં, ૧૯૭૬ માં પુત્ર પ્રણવ અને ૧૯૮૧ માં પુત્રી જીગીષા! 'આ-નંદદ્વાર' આ સર્જનહારનું તૃતીય સર્જન છે. પણ એના પ્રત્યે પણ પ્રેમની ઠાલવણી તો પેલા બે સર્જન જેટલી જ રાખી છે. આ સર્જન મારી કોઈપણ પ્રકારની ભૂલનું પરિણામ નથી, એ હું છાતી ઠોકીને કહું છું. છતાં આ તૃતીય સર્જન અલગ ઢાંચાનું છે. જેમાં ઠલવાય એટલો પ્રેમ મેં ઠાલવ્યો હોવા છતાં, પુસ્તક છે ચાર. પોસ્ટ - પોલીસ - પ્રધાન - પૈસો - પેટ - પરમેશ્વર - પરીક્ષા - પાઠ્ય પુસ્તક અને પત્ની આ બધુ જ અગત્યનું હોવા છતાં એના પ્રત્યે ગંભીરતા જોઈએ એટલી ક્યા હોય છે ? એમને સહેલાઈથી જશ આપવા વાળા કેટલા ? જો આ બધાને જશ મળી જાય તો એ 'સમાચાર' બની જાય. આ પ ની વર્ણમાળામાં 'પત્ની' પણ આવે છે. પણ So far my wife is concern એ મને જશ આપે છે, અને અપાવે પણ છે. જો કે, એણે મને જશ આપવો જ પડે. કારણ કે, એ એનો 'નામ-સિદ્ધ અધિકાર છે' કારણ કે એનું નામ 'શારદા' છે. એની સ્નેહ પ્રેરણામાં પલળી - પલળીને જ, હું આ હાસ્યકલા અભિનય અને છેવટે સાહીંત્યયાત્રામાં જોતરાયો છું. પત્ની કેટલી મહાન હોય છે એની ખબર મને પરણ્યા પછી પડેલી, એ ખાનગી વાત હું આજે તમને કરું છું!

હાસ્યાચાર્ય સ્વ.જ્યોતીન્દ્ર દવેની સાથે મંચ પર હાસ્યનો કાર્યક્રમ કરવાનો લ્હાવો આ બન્દાને મળેલો. એનું મને ગૌરવ છે. આજે ૪૩-૪૩ વર્ષ સુધી લાખો લોકોના મેં રાત-દિવસ અને બપોરિયાં . હશે. પણ, એક હાથે તાળી તો પડે નહી. કહેવાય છે કે, ઘો.. મરવાની થાય ત્યારે બસ ! એમ જ એ લોકો હસવાના થયાં, ત્યારે? હવે તમે જ કહો, હસવા માટે કંઈક તો ગુમાવવું જ પડે ને બોસ.! એની સામે મેં પણ કઈ ગુમાવ્યું જ છે ને? એટલે લોકોના રાત-દિવસ અને બપોર બગાડ્યા કરતાં મેં 'હસાવ્યા' હતા એનો મને આનંદ છે. ભલે અંધારી આલમના મિત્રોની માફક હું પ્રાચીન નથી. અને 'નામચીન' પણ નથી. એ બધાં અમારા રાત્રી મિત્રો છે. કારણ અમારો અને એમનો ધંધાનો સમય સામાન્ય રીતે રાતનો જ હોય છે. અમારા બે વચ્ચે ફેર એટલો કે, એ લોકો રડાવીને છૂટા પડેછે, અને અમે હસાવીને

છૂટા પડીએ છીએ. જો કે અમે તો વન મેન શો પણ કરીએ, ચડ્ડી બનિયાનધારીઓ આવા જોખમ લેતા નથી!

આપને ઉજાગરો એ વાતનો થવાનો છે કે, રાવણના કુળનો માણસ થઈને એ 'આ-નંદદ્વાર' ખખડાવી જ કેમ શકે ? કારણ કે. રામાનંદ સાગરની જગ પ્રસિદ્ધ 'રામાયણ' ટીવી સીરીયલમાં મેં રાવણના 'નાનાજી-માલ્યવાન' ની યાદગાર ભૂમિકા મેં અદા કરી હતી. પણ હે પ્રભુ તું એમને માફ કરજે, કારણકે એ લોકો એ નથી જાણતા કે, જો વિભીષણ 'રામદ્વાર' ખખડાવી શકે, તો રાવણના નાનાજી આ 'આનંદ-દ્વાર' કેમ ના ખખડાવી શકે ?  એમને ખબર નથી કે. 'રામાયણ' માં મેં બીજી યાદગાર 'અગત્સ્યઋષિ' ની પણ ભૂમિકા કરી હતી. હું બધાને કઈ ભાષામાં સમજાવું કે, ' લંકાથી આ-નંદદ્વાર સુધી પહોંચવાનો જો કોઈ  સફળ અને સરળ માર્ગ હોય તો તે હાસ્ય જ છે!

આ બધાં પ્રયાસ માત્ર છે. શ્રી રતિલાલ 'અનિલ' કહે છે એમ, 'સૂતળી મળી ને સ્વેટર ગૂંથ્યું'  જેવી વાત છે. હું જાણું છું કે, આ હ(સાહસ) નવું નથી. પૃથ્વી ઉપર પુસ્તકોનું ઘનઘોર જંગલ છવાયેલું છે. જેના પર્યાવરણમાં વધારો થાય એવા એકમાત્ર આશયથી હું પણ 'હાસ્ય' નો આ એક રોપો રોપું છું. રોપો 'હાસ્ય' ને બદલે બાવળનો લાગે તો, ટૂચકો માની એનું જતન કરજો. આમ પણ આપણે કોઈને કોઈ સેવાના કામ તો કરવાના જ હોય છે ને? આ પણ એક સેવા છે એમ માનજો !!

બે-બોલને બદલે આટલી લાંબી વાત પછી, જેમણે દરિયો ભરીને મારા ઉપર સ્નેહ ઠાલવ્યો છે, એવા અમદાવાદના આદર્શ પ્રકાશનના સંવાહકો સર્વ શ્રી નવનીતભાઈ મદ્રાસી, શ્રી કૃષ્ણકાન્ત મદ્રાસી અને મારા પરમ સ્નેહી કમલેશભાઈ મદ્રાસીનો અન-હદ ઋણી છું. એમણે પણ મારું પુસ્તક છાપીને મારી જેમ હ(સાહસ) કર્યું છે. મારું જે થવાનું હોય તે થાય, એમના માટે સફળતા અને શુભકામના ઈચ્છું છું.

મારા આ કહેવાતા પુસ્તકનો પ્રેમથી આવકાર લખી આપવા બદલ સંનિષ્ઠ વિવેચક-ચિંતક-લેખક શ્રી રમણલાલ પાઠક (વાચસ્પતિ) નો તથા મારા આ પુસ્તક વિષે. 'રમેશ ચાંપાનેરી મને ગમે છે' નાં શીર્ષક હેઠળ સુંદર અભિપ્રાય આપનાર ગુજરાત સમાચારના લબ્ધ પ્રતિષ્ઠિત (બુધવારની બપોર) ના કોલમીષ્ટ અને હાસ્ય સમ્રાટ શ્રી અશોક દવેનો પણ અત્યંત ઋણી છું.

મારા આ હ(સાહસ) માં આ ઉપરાંત પ્રજા સમાચારના સંવાહકો સ્વ. નાથુભાઈ દેસાઈ અને હવે શ્રી ઉત્પલ દેસાઈનો મર્દ ફાળો છે. આ ઉપરાંત મને હાસ્યના રવાડે ચઢાવનાર ગુજરાત સમાચારના ‘આનંદમેળા’ ના સંપાદક અને સ્વ. મહેન્દ્ર પી.ઠક્કર ‘છોટમ’ અને એમના કોડીલા અને હાસ્યના સંવાહક એવા સ્વ. પુત્ર ભદ્રેશ ઠક્કર તરફથી હાસ્યની દિશા ના મળી હોત તો હું કદાચ આ ‘આ-નંદદ્વાર’ સુધી આવી ના શક્યો હોત. જેમણે મને વિશ્વ હાસ્ય પરિષદ સુધીનો તખ્તો આપ્યો છે.

આ ઉપરાંત સ્વ. બી.એમ શાહ (ગ્રંથ નિકેતન વલસાડ) સ્વ. રાજુભાઈ નાયક ( એક અદ્રિતીય નાટ્ય-હાસ્ય પ્રતિભા) સ્વ. હસમુખ ચાંપાનેરી આ બધાં મારા હાસ્યના સંવાહકો છે. માતા પિતાના આર્શીવાદ અને તેમના તરફથી મળેલા સંસ્કારોનું આ તર્પણ છે. લબ્ધ પ્રતિષ્ઠતાને વરેલા મારા પિતાશ્રી મગનભાઈ ચાંપાનેરી (ગુર્જરેશ) એક સામાજિક કવિ છે. માતા શ્રીમતી લીલાવતીબેન ચાંપાનેરી મારી મમતાની મુરત છે. મારા લઘુબંધુ શ્રી ઈશ્વરભાઈ ચાંપાનેરી. શ્રી કિશોરભાઈ ચાંપાનેરી અને તેમનો પરિવાર મારી પ્રવૃતિનો હમેશ શુભેચ્છક રહ્યો છે,

અને.. વ્યવસાયે પ્રાથમિક શિક્ષિકા હોવાને નાતે, જો લેખ બરાબર નહીં લખાયો હોય તો, વારંવાર લખવા આપીને મને ‘આ-નંદદ્વાર’ સુધી લાવવામાં જેમણે નરવી મજૂરી કરાવી છે, એવાં મારા ધર્મ-પત્ની અ,સૌ, શારદાના સહયોગને કેમ વિસરું? એના સ્નેહની જાહેરમાં કદર કરનારો આવો સુ-વર કોને મળે?

- રમેશ ચાંપાનેરી 'રસમંજન'

ગુરુપૂર્ણિમા

તા. 3 જુલાઈ ૧૯૯૩

## રેડીઓ તમારો - કાર્યક્રમ અમારો

(આકાશવાણીનું હુલ્લડ કેન્દ્ર)

આકાશવાણીના આ હુલ્લડ કેન્દ્રમાં આપ સૌનું અમે હાર્દિક સ્વાગત કરીએ છીએ. આવો આજના કાર્યક્રમની રૂપરેખા જોઈએ. પ્રસ્તુત કરે છે અમારા સંવાદદાતા શ્રી રમેશ ચાંપાનેરી.

૬-૦૦ - જો ઉઠાયું તો પ્રથમ સભાનો આરંભ.

શ્રી ડોમી ડગલાસનું ડબલા વાદન.

૬-૦૫ - છેલ્લી સભા પછી અવસાન પામેલા શ્રોતાઓને શ્રધ્ધાંજલિ

સંચાલન : શ્રી અમર આંસુપુરી

૬-૧૦ - વિવિધ જીલ્લાના બાળકોનું પથારી રુદન

૬-૩૦ - મૃતધારા

જમનાબેન જાડીનો વેલણ વિષય ઉપર વાર્તાલાપ

૬-૩૫ - આજના વિવિધ સમાચારો

પ્રથમ સભ્યતામાં અને ત્યારબાદ સુરતી ભાષામાં

૬-૫૦ - વાસી વાનગીના વિટામીનો

શ્રીમતી ભારતીબેન ભૂખડી બારસનો રેડિયો વાર્તાલાપ

૭-૦૦ - રાવણ-ચરિત ગાન

આકાશવાણી હુલ્લડ કેન્દ્રના કલાકારો

૭-૪૫ – લીલા શાકભાજીના બજાર ભાવ પ્રથમ વાસીના ત્યારબાદ તાજીના.

૭-૫૦ – બ્રેકફાસ્ટ મ્યુઝીક

સંગીતકાર, મિ. બ્રેડમેન બટરપૂરી

૮-૦૦ – ખેડૂત મંડળનો બિનખેતી કાર્યક્રમ

‘વાડ તોડીને વાડી કેમ બનાવશો’ જીલ્લા બગાડ અધિકારીનો વાર્તાલાપ

૮-૩૦ – મજુર બહેનો માટેનો કાર્યક્રમ

‘સૌન્દર્ય સ્પર્ધામાં વિજેતા થવા શું કરવું જોઈએ? ‘ એ વિષય ઉપર કુ. કોકિલા કાળેશ્વરીનો વાર્તાલાપ

૯-૦૦ – વિચિત્ર વાદ્યસંગીત :

મિ. વિલિયમ ટાલનો ટાલ ઉપર ત્રિતાલનો કાર્યક્રમ

૯-૩૦ – રાત દરમ્યાન થયેલ ચોરીઓનો વિગતવાર અહેવાલ

(દ્વિતીય સભા)

૧૨-૦૦ – નાસિકા વાદનથી બીજી સભાનો આરંભ

કલાકાર: કાન્તિલાલ કુંભકરણી

૧૨-૧૫ – શાસ્ત્રીય સંગીતના બખેડા

રાગ : ઊલટી કલાકાર : અજમલ ઉધ-રસી

૧૨-૨૫ – તારી-મારી અને કેશવા વાળીનું પુન: પ્રસારણ

નિયમિત રજુ થતો મહીંલા કમંડળનો કાર્યક્રમ

૧૨-૪૫ – વૃદ્ધ જગત : ‘વૃધ્ધો ઉપર થતી વેસ્ટર્ન મ્યુઝીકની આડ અસર’ એ વિષય ઉપર પ્રો. વિયાગ્રાનો વાર્તાલાપ

૧૨-૫૫ – યુવા જગત

‘છૂપા-છૂપી ખતરનાક છે’ એકાંકી નાટક રજૂઆત: રોમિયો રખડેલ

૧૩-૦૦ – લોક ઉશ્કેરાટના સમાચારો : ઉર્દુમાં

૧૪-૦૦ – આરોગ્ય પત્રિકા

‘ચા સાથે ફાફડા ખાવા ફાંદવાળા માટે હાનીકારક છે’ એ વિષય ઉપર ડો. દુંદાળાનો વાર્તાલાપ

૧૪-૧૫ – આજના અતિથી

હસ્તકલામાં રાષ્ટ્રીય એવોર્ડ વિનર પોકેટમાર તમ પાંચાની રેડિયો મુલાકાત

૧૪-૨૫ - અશાસ્ત્રીય સંગીત રાગ : બંધ કોશ કલાકાર : બલ્લુ બેવડો

૧૪-૩૦ – ‘શરમ એ સ્ત્રીઓનું સૌન્દર્ય છે’ એ વિષય ઉપર શ્રી વસંત વેવલાનું વ્યક્તવ્ય..

૧૪-૪૫ – આજની અફવાઓ

૧૪-૫૫ – ‘સાસુઓ પાસે વાસીદું કરાવવાના કીમીયાઓ’ વક્તા : ત્યકતા તરુલતાબેન

૧૫-૦૦ – વામકુક્ષી કરવાના ફાયદાઓ પર વાર્તાલાપ : આકાશવાણી

૧૫-૧૦ – આજની ઉઘરાણીઓનો અહેવાલ

૧૫-૩૦ – ધણીને ધાકમાં રાખવાના નવતર પ્રયોગો : વાર્તાલાપ : કુ. રમીલાબેન રખડેલ

૧૫-૪૫ – નાસિકા ચૂર્ણ નહીં લેવાના ફાયદા ; વાર્તાલાપ-અ.સૌ. તરુ તપખીરવાળા

૧૬-૦૦ – હળવી શૈલીનો કાર્યક્રમ : મારા જુલાબના પ્રયોગો.. વક્તા : કાન્તિલાલ કબજીયાતી

૧૭-૦૦ – શ્રેણી : ‘ છેલ છબીલો મદ્રાસી ‘ મદ્રાસી ભાઈઓનો ગુજરાતી કાર્યક્રમ

૧૭-૩૦ – પોલીસ સમાચાર વિચિધ ગુના હેઠળ આજે પકડાયેલા કેદીઓની જિલ્લાવાર માહીંતી

૧૭-૪૦ – બિન લાદેનનું ડબલા વાદન તાલ : હોસ્પીટાલ

૧૭-૫૦ – સાંજની શાકભાજીના બજારભાવ

(તૃતીય સભા)

૧૮-૪૫ – આકાશવાણી કેન્દ્રની સંધ્યાપૂંજા અને આરતી

૧૯-૦૦ – પ્રાદેશિક સમાચાર પ્રથમ મારામારીમાં અને ત્યારબાદ ગાળાગાળીમાં

૧૯-૧૫ – બેવડા નૃત્ય

૧૯-૨૫ - દાઢી ભાજપ માટે શુકનિયાળ છે. વક્તા- શ્રી નરોતમ પ્ર-મોદી

૧૯-૪૦ - આકાશવાણીને મળેલાં ધમકી પત્રોનું વાયુ પ્રસારણ

૨૦-૦૦ – પોલીસ-પ્રધાન અને પાઠ્યપુસ્તક સેમિનારનો ધ્વનીમુદ્રિત કાર્યક્રમ

૨૦-૧૫ – પાણીપૂરી નૃત્ય : કલાકાર : શ્રી ભીખાભાઈ ભેલપૂરી  અને ચૈતાલી ચટણીપૂરી

૨૦-૨૫ – ગુજરાતીમાં ગરબા સાંભળશો

૨૦-૪૦ – વિધાન સભાના લડાયક અંશો

૨૧-૦૦ – નાટ્ય શ્રેણી : વાંકો ચૂકો બાવળીયો : કલાકારો : વિઠ્ઠલ વાંકો-બલ્લુ બાવળીયો અને ભીખી ભૂતડી

૨૨-૦૦ – અઠંગ દાણચોર શ્રી લલ્લુભાઈ લાખિયાનું વાયુ પ્રવચન

૨૨-૧૫ – લુંગી પહેરીને શીર્ષાસન કેમ કરશો,,?  વાર્તાલાપ: બલ્લુ બોખો

૨૨-૩૦ – ભોજપુરી લગ્ન ગીતો

૨૨-૪૫ – શ્રોતાઓ માટે હાલરડાં : કલાકાર : નયના નિંદ્રાધીન અને ઉજમબેન ઊંઘણશી

## પોલ્ટ્રીકસ

આ શબ્દ મારો નથી, જ્યારથી મારી પત્ની મહીંલા મંડળની સભ્ય બની છે, ત્યારથી આ શબ્દ મારા ઘરની ચાર દીવાલમાં અથડાય છે, મગજમાં ટકરાય છે. બિચારી, વધારે ભણેલી હોવાથી, એને થોડી ફેશનમાં બોલવાની આદત છે. એટલે એને પોલિટિક્સ બોલતા આવડતું હોવા છતાં, એ લીપ્સ્ટીક સાચવવા ‘પોલ્ટ્રીક્સ’ જ બોલે. અને અમે બધા જ આ ઉચ્ચારને નત મસ્તકે વધાવીએ. અને તમે પણ સમજી શકો એવી વાત છે કે, જે ક્ષેત્રમાં ઉઘાડછોગ ‘પોલંપોલ’ હોય, એના માટે પોલટ્રીક્સ શબ્દ પણ યથાયોગ્ય જ છે.

આજે નેતાને કોણ નથી ઓળખતું? અથવા કહો કે, ‘ઓળખાણ માટે તો નેતા બને છે.’ આજે નેતાના નામની ધૂમ મચે છે. એમના ઉત્સવમાં ભગવાન હોય કે ના હોય, પણ ભગવાનના કોઈપણ ઉત્સવમાં નેતા હોય, એ આજની ફેશન બની ગઈ છે. આવું દ્રશ્ય જોવાનું મળે ત્યારે બે ઘડી આપણને પણ એવો વિચાર આવે કે, ’કોણ કોનાથી શોભતું હશે? નેતાથી ભગવાન શોભતો હશે, કે ભગવાનથી નેતા?’

એક માણસને પૂછ્યું, ‘તમે નેતા કેવી રીતે બન્યા?’ પેલો કહે આતો બહુ વિકટ પ્રશ્ન છે. જેમ કે, મારા લગન કોની સાથે થયેલાં, ક્યાં થયેલાં, મારા સાસુ-સસરા કોણ છે, મને પરનાવનાર ગોરમહારાજ કોણ હતા. એ બધી મને ખબર છે, પણ મને પરણાવ્યો હતો શું કામ, એની જ મને ખબર નથી. એમ હું નેતા કેવી રીતે બની ગયો એની મને હજી સુધી ખબર નથી ! બસ મને એટલી ખબર છે કે, 'હું કારણ વગર રાજકારણમાં પડ્યો, અને નેતા બની ગયો. જેમ માણસ જાતને પરણ-વા લાગે, એમ જેમને બોલ-વા લાગે એટલે એ નેતાની ફેકલ્ટીમાં પ્રવેશ પામે એટલી મને ખબર છે. બસ એકવાર નેતા થાય પછી, તાનેતા, તાનેતા, તાનેતા, એ રાજકારણની રસમ છે. સતા-સ્વાર્થ-સંપતિ અને શક્તિના ચાર પાયાવાળી ખુરશી સાથે એકવાર રાજ-લગ્ન થયા પછી, પ્રજા ‘જીન‘ બનીને હાજરા - હજૂર કરવા માંડે. પછી તો જ્યાં હાથ નાખો ત્યાં ઘી-કેળાં! અને સમય જતાં દંભ - સોદા - આક્ષેપ - સ્વાર્થ - વચન - ફાઈલ - કોર્ટ કેસ અને મિલકતના બખેડામાં એવો ભીંસાવા માંડે કે એની હાલત ગોળના માટલામાં પુરાયેલા મંકોડા જેવી થઇ જાય. એ ગોળના માટલામાં પણ સભા ભરે. અને એકલો જ બોલે, ‘આવાઝ દો હમ એક હૈ!‘ તું એકલો જ છે, ભાઈ.. શું કામ બરાડા પાડે છે? માટલાનું મોઢું આગળથી તો બંધ છે..! પણ, સભા એ નેતાનો ખોરાક છે. અને, સરઘસ એ નેતાનું ઝેર છે!

એકવાર એક અઠંગ નેતાએ ખુરશીને પૂછ્યું, ‘તું કોણ છે..?’

ખુરશી કહે, ‘ હું બધું જ છું. સમજો તો શાણી છું, નહીં તો કાળી નાગણ છું .!'

પછી માઈકને પૂછ્યું, ‘તું કોણ છે ?' માઈક કહે, ‘હું આત્માના અવાજ સિવાય બધું જ સાંભળું છું.’ ભાષણને પૂછ્યું, ‘ભાઈ.. તું તો યુગોયુગથી છો. એતો કહો તમે કોણ છો?' તો ભાષણ કહે, ‘નકલી માલથી સાવધાન. હું એનાથી વિશેષ કંઈજ નથી. મારો વૈભવ, મારો ચળકાટ, મારો વાણી વિલાસ બધું જ નકલી છે. હું લોકો ઉપર ભૂરકી નાંખવાનું જ માત્ર કામ કરું છું.' ત્યાં, ફાઈલ બોલી.. મને તો કંઈ જ પૂછતા નહીં. હું તો નેતાની ઘરવાળીની નાની બહેન સમાન છું. ઘણાના વૈભવી ખર્ચા હું સંભાળું છું.' મોરચાને પૂછ્યું, ‘તું કોણ છે..?’ મોરચો કહે, ‘હું સરકારી - અર્ધ સરકારી - મિલમજૂર ખાતામાં રહું છું. હડતાલ મારો ખોરાક છે. અને બૂમાબૂમ કરવી એ મારો ધંધો છે.’ નિવેદન બોલ્યું, ‘આપણો તો કોઈ ગુણધર્મ જ નથી. બસ નેતાના મગજમાં રહું છું, અને લોકોમાં ગેરસમજ ફેલાવું છું.’ જ્યારે આક્ષેપ કહે, ‘હું તો ભાઈ હુકમનું પાનું છું. સમય અને સંજોગ પ્રમાણે મારા રૂપ-રંગ બદલી હું મારું સ્વરૂપ કે કુરૂપ ધારણ કરું છું.'

એ જ સમયે મેલાં-ઘેલા અને ફાટેલાં કપડામાં, જેના આખા શરીરે કરચલીઓ છે, એ અઠંગ નેતા પાસે આવીને ઉભી રહી. અને એટલું જ બોલી હે પરમ તત્વાય નેતાજી, હવે તું મને પૂછ હું કોણ છું? હુ ક્યાં રહું છું? હું શું ખાઈને જીવું છું? નેતા કહે, હું જાણું છું કે તું જનતા છે. તું પેલા અઢી રૂપિયાવાળા ઘઉં ખાયને જીવે છે, અને અમારા મફત ઘરમાં રહે છે!!! તારી વાત સાચી છે નેતા!! તે મને રેશનકાર્ડનો માણસ બનાવી દીધો છે. લોકો મને મારા નામ કરતાં મારી જાતિ અને જનતાથી વધુ ઓળખે છે. તને ખબર છે, હું તારા મફત ઘરની યોજનાવાળા પોસ્ટર પર સુઉં છું, અને ઘરવાસીદું કરી પેટ ભરું છું.’

જાણીતો અવાજ સાંભળતા જ આક્ષેપ, ખુરશી, મોરચો, નિવેદન ફાઈલ વગેરે.. મોં ફેરવી ગયાં, અને બોલ્યા, ‘હે નેતા ! તું કહેતો હતોને કે જનતા ક્યાં છે? તો આ જનતા છે. યુગો પહેલા એ જનેતા હતી. પણ પક્ષાપક્ષીએ એને જનેતામાંથી જનતા બનાવી દીધી. અમે એને યુગોયુગથી ઓળખીએ છીએ. એ સ્વમાની હતી, સ્વાવલંબી પણ હતી. પણ નેતાઓની ઓથ મળતા એમાં ઓટ આવી ગઈ.

લોકશાહીને પકડવામાં એ ઘરડી થઇ ગઈ છતાં એ લોકશાહીને ચૂમી શકી નથી. એ વચનોમાં વિશ્વાસ રાખી મોંઘવારીની ગરમી લે છે.

એવામાં ત્યાંથી ચીંથરેહાલ લોકશાહી પસાર થતી હતી. આક્ષેપ અને મોરચાએ એને અટકાવી અને કહ્યું, ‘હે લોકશાહી દેવી... ઉભી રહે... આ જનેતામાંથી કંગાળ જનતા બનેલી દેવતુલ્ય પ્રજાની આવી હાલત જોઇને તને અને ખબર અંતર પૂછવાનું મન નથી થતું? લોકશાહી બોલી.. આ માટે તમે પણ એટલાં જ જવાબદાર છો. મારી આવી ચીંથરેહાલ હાલત પણ તમે લોકોએ જ ભેગા મળીને કરી છે. એ મને પકડવા દોડે છે, પણ તમે લોકો જ મને એના હાથમાં આવવા દેતા નથી. એ મરવા માટે જીવે છે અને હું જીવવા માટે મારી રહી છું, ત્યાં કોણ કોની ખબર લે? ચાલ મને છોડ... મારે હજી લાંબી મજલ કાપવાની છે. જેમ સીતા અને સરિતા એકવાર પિયરથી નીકળ્યા પછી પોતાના પિયર પામી શકી નથી, એમ હું પણ મારા પિયરથી અળગી થઈ ગઈ છું. મારા પિયર પોરબંદરને પામવા માટે રસ્તામાં મને અનેક બંદર તો મળ્યા, પણ પોરબંદર હાથ નથી આવતું. ગાંધી તો ઘણા મળે છે, પણ મહાત્મા ગાંધી નથી મળતા. હું મહાત્મા ગાંધીની દીકરી છું. કોઈ મને મારા બાપુની લાકડી આપો. એ લાકડીના ટેકે મારે મારા બાપુ શોધવાં છે. ભારતનો વૈષ્ણવજન શોધવો છે..!!

હું એવા કુળની દીકરી છું કે, જે દેશમાં ઉમેદવારના નામ ઉપર ચોકડી મારવામાં આવે તે ચૂંટાઈ અને નેતા બંને છે, અને પછી તાનેતા... તાનેતા અને તાનેતા રહે છે !!

કોઈકે સાચું જ કહ્યું છેકે-

જો ધક્કે સે ચાલતી હૈ ઉસે હમ કાર કહતે હૈ,
જો ધક્કે સે ભી નહીં ચલતી ઉસે સરકાર કહતે હૈ..

## છેલ છબીલો મદ્રાસી

એક ગુજરાતી થઈને છેલ છબીલો શબ્દ જો મદ્રાસી માટે વાપરે, તો આંતર ભાષી બળાત્કાર થયો હોય તેવું લાગે. બંને ધોતી પહેરે. પણ બંનેની ધોતીમાં ગુજરાતી અને મદ્રાસી ભાષા જેટલો ફેર..! મદ્રાસીનો જુસ્સો જેટલો વધે એટલો ધોતીનો ઊછળ વધે. ધોતી ઉંચી નીચી કરવામાં એ લોકોની એક છટા હોય છે. જ્યારે આપણા ગુજરાતીની ધોતી એટલે ધોતી..! જેને 'સાઈલન્ટ' ધોતી પણ કહી શકાય. મગજ ચાલતું હોય ત્યારે એની ધોતીમાં કોઈ ઊછાળ નહી. સમજો કે, એ ધોતી સાથે મગજને કોઈ કનેક્શન જ નહીં.. ગુજરાતીના ધંધા-પાણી હોય, ઉત્સવ હોય, રાજકારણનું ક્ષેત્ર હોય, કે સામાજિક વ્યવહાર હોય, એ બધાં પ્રસંગો ધોતી જેવા જ ઝીણા, મુલાયમ અને મલમલ જેવા આરપાર રહેવાના! અને એટલે જ તો ગુજરાતીને લોકો લાડમાં 'ગુજ્જુ' કહીને પણ નવાજે છે. મદ્રાસીને કોઈએ લાડમાં મારું 'મડદું' કહેતા સાંભળ્યા છે?

ગુજરાતી પાસે ભણતરની ડીગ્રી હોય કે ના હોય, કોઈ ફરક ન પડે. જો ભૂલમાં એની પાસે ડીગ્રી હોય તો પણ, એ પ્રેમમાં પડવાને બદલે પહેલો વ્યાપાર ધંધામાં પડે. વ્યાપારમાં ભલે બીજા બધાં બેગમ-ગુલામને બાદશાહ હોય. પણ ગુજ્જુ વ્યાપારમાં એવો એક્કો કે, એને દરિયા કિનારે સુવાડી આવો તો દરિયાના મોજામાંથી પણ વ્યાપાર કરે. આપણા અંબાણી પરિવારની જ વાત કરોને ? આજે આખી દુનિયામાં એનું નામ છે. આ અંબાણી ઉપર અંબાજીની એવી મહેર છે કે, મારા બેટા ચોરવાડના હોવા છતાં, આજે કેટલાયને ગેસ પર રાખે છે. મતલબ કે, કેટલાયના ગેસના ચૂલા અંબાણી પરિવાર ગરમ રાખે છે. ગુજરાતી એટલે હીંમાલયની ટોચ ઉપર જઈને કોઈ ફકીર બાવાને ફ્રીઝ વેચી આવી ધંધો કરે એનું નામ ગુજરાતી. મારો મિત્ર ચમન ચક્કી કહે છે એમ, જે માણસ સિંધી પાસે ઉધાર માલ લઈને મારવાડીને વેચે, અને તેમાં નફો કરીને રોકડી કરે એનું નામ ગુજરાતી.

એકવાર નિયમ પ્રમાણે એક ગુજરાતીને યમરાજ ઉઠાવી ગયા. પેલા ગુજરાતીએ યમરાજના પાડાને રસ્તે લલચાવ્યો. પાડાથી પાછું તો ફરાય નહીં. જો પાછો ફરવા જાય તો એના નામની એફ.આર.આઈ. ફાટે. અને કોન્ફીડન્સ રિપોર્ટ બગડે એ જુદું. એટલે એ ધીમો ચાલ્યો, અને મહીને જઈને ચિત્રગુપ્ત પાસે પહોંચ્યો. યમરાજ આમ પણ સરકારી નોકર જેવો. એનો તો ઘાટ પડી ગયો, એક મહીંનાના આંટાફેરા ટળી ગયા. પણ ચિત્રગુપ્તે બંનેની હાલત ખરાબ કરી નાખી. ટુરીંગ જોબ ઉપરથી હટાવી

બંનેને ઓફિસની ચોગઠમાં ઠોકી દીધાં, એમાં ભથ્થા ગયા. પછી થયું એવું કે, ચિત્રગુપ્તે કહ્યું, જુઓ મિસ્ટર ગુજરાતી.. તમારા પચાસ ટકા પાપ છે, અને પચાસ ટકા પુણ્યો છે. એટલે તમને સ્વર્ગ માંગો તો સ્વર્ગ અને નર્ક માંગો તો નર્ક મળી શકે એમ છે. બોલો તમારે કઈ ફેકલ્ટીમાં જવું છે ? આ ભાઈ રહ્યો ગુજરાતી, તક મળે તો જતી ના કરે. એમણે કહ્યું, ‘ એક કામ કરો, સ્વર્ગ અને નરક વચ્ચે જો થોડી જગ્યા હોય, તો એ મને આપો. ત્યાં હું દુકાન કાઢી ધંધો કરી મારું મારું ફૂટી લઈશ.’

ચિત્રગુપ્ત કહે, બસ બસ, મર્યાદામાં બોલો. આ તમારું ગુજરાત નથી, પરલોક છે. હું તમને લોકોને ઓળખું છું. તમને એકવાર નાની જગ્યા આપું એટલે ધીરે ધીરે તેમાં દબાણ કરીને કે દબાણ લાવીને ત્યાં બધા મોલ બાંધવા માંડો. એટલે એ વાત જવા દો, અને ઝટ બોલો શું જોઈએ છે, સ્વર્ગ કે નરક? ગુજરાતી કહે, ‘જો ચિત્રગુપ્ત સાહેબ... (અમારે ત્યાં કામ કઢાવવું હોય તો સાહેબ કહેવાનો રીવાજ છે, એટલે ખોટું ના લગાડતા) પણ, એક કામ કરો. હું મારું સ્વર્ગ જતું કરું, અને તમે તમારું નરક જતું કરો. અને મને પાછો મારા ઘેર મોકલો.'

આ સાંભળી ચિત્રગુપ્તનું મગજ એવું છટક્યું કે, પાડો બેભાન થઇ ગયો. ચિત્રગુપ્ત કહે, ‘હે ગુજરાતી ! જો હવે  એક થી દશ બોલું ત્યાં સુધીમાં તમે તમારો નિર્ણય નહીં જણાવો તો હું તમને નરકમાં મોકલવાનો આદેશ કરી દઈશ.’ ત્યાં તો વળી આ ગુજરાતીના મગજમાં વિસ્ફોટ થયો. અને બોલ્યો, ‘એ ચિતરગુપ્ત, કેમ કંઈ બહુ ધુમાડો કાઢે છે? તને ખબર છે હું ગુજરાતથી આવું છું. અમારા નરેન્દ્ર મોદીને તું ઓળખે છે? એણે ભલભલાને ઠેકાણે પાડી દીધાં તો તારી શું વિસાત? ચાલ પહેલા મને તારું નર્ક બતાવ, પછી મને તારું સ્વર્ગ બતાવ. મને જેમાં ઠીક લાગે ત્યાં હું જઈશ..'

ચિત્રગુપ્ત મનોમન બોલ્યો, ‘અબ આયા ઊંટ પહાડકે નીચે! ચાલો હું તમને પહેલા નરક બતાવું! મૂછનો વાંકડો ચડાવતો ગુજરાતી ચિત્રગુપ્ત સાથે નરકની બારી પાસે ગયો. અને જોયું તો સરસ મઝાના નૃત્યો ચાલતા હતાં, ડાયરાઓ થતા હતાં, કવિ સંમેલનો ચાલતા હતાં, અને છપ્પન ભોગ ધરાવ્યા હોય એમ લોકો ખાવાની મહેફિલમાં મસ્ત હતા. ગુજરાતીને આ બધું જોઇને ચક્કર આવી ગયા. એમણે તો એવું સાંભળેલું કે, નરકમાં તો અનેક પ્રકારની યાતના હોય. અને  અહી તો જલસા છે. પછી કહે, ‘ચાલો હવે નરક બતાવો સાહેબ..’

ચિત્રગુપ્ત એને લઈને સ્વર્ગની બારી પાસે લઇ ગયા. ગુજરાતીએ ડોકિયું કરીને જોયું તો બધાં રાઉન્ડ ટેબલ પર બેસીને બબ્બે બિસ્કીટ ખાતા હતા. ગુજરાતીએ પૂછ્યું, ‘પેલા નરકના લોકો તો છપ્પન ભોગની મહેફિલ માણતા હતા, અને આ લોકોને કેમ ખાલી બબ્બે બિસ્કીટ?' ચિત્રગુપ્ત કહે, 'જો સાંભળ ભાઈ ગુજરાતી, નરકમાં તો લોકો જથ્થાબંધ આવે, એટલે અમને ત્યાનું રસોડું પોષાય, અહીંયા તો રડ્યા-ખડ્યા દશેક વરસમાં એકાદ જણ આવે, એના માટે કોણ રસોડું બનાવે? સાચું પૂછો તો ખુદ અમારો સ્ટાફ પણ સ્વર્ગમાં જમતો નથી, ત્યાં નરકમાં જ જમવા જાય છે. બોલો.. તમારો શું વિચાર છે? સ્વર્ગ કે પછી નરક? ગુજરાતી કહે, બીજું બધું તો ઠીક પણ, અમને ગુજરાતીને તો ખાવાનું બરાબર જોઈએ. આવી બે બિસ્કીટ નહીં ચાલે! ઠીક છે, તો તમારા માટે નરક લોક કરી દઉં?' ગુજરાતીએ જેવું યસ કહ્યું તેવો ગુજરાતી નરકમાં ધબ્બ દઈને પડ્યો. અને ત્યાં જોઇને એણે જોયું તો જે બતાવેલું તેમાનું તો કંઈજ ન હતું. ગુજરાતી કહે, ચિત્રગુપ્ત, તમે મારી સાથે ચીટીંગ કર્યું છે. ચિત્રગુપ્ત કહે, મેં કોઈ ચીટીંગ નથી કર્યું. તમને જે બતાવ્યું તે અમારી એડવર્ટાઈઝની ચેનલ હતી. આવું સારું સારું નાં બતાવીએ તો અમારા નરકમાં તમારા જેવા આવે કેમ ?

ગમેં એ કહો, આપણો ગુજરાતી હવે વિશ્વનો એક અદનો મોજીલો માણસ બની ગયો છે. એને જો ઓળખવો હોય તો -

નાલ્લો પગને જોડો મોટો, માથે  દેવું મોટું
ગાડી રાખે ટનાટન ને દેખાય બધું એ ખોટું
ચંદુની ટોપી ચમન પહેરે મગન ઉઘાડે છોગ
તમાચો મારી લાલ રાખે, નહીં બતાવે સંજોગ

ગુજ્જુ મારો છે ઉસ્તાદ
તેથી સદાકાળ ગુજરાત
અમારા કવિ અને હાસ્યકાર સ્વ. દાસ બહાદુર વાઈવાલા એક સરસ વાત કહે છે

કૌન કહેતા હૈ ગુજરાતીમે પાની નહીં હૈ
ઔર કૌન કહેતા હૈ ગુજરાતીમે જ્ઞાની નહીં હૈ
વોહી દ્વારીકાકે શ્રી કૃષ્ણ ગીતા સુનાનેવાલે
વોહી મહાત્મા ગાંધી દેશમે આઝાદી લાનેવાલે

વોહી સરદાર વલ્લભભાઈ પટેલ દેશકો જગાનેવાલે
યે સભી બાત કિસીસે અનજાની નહીં હૈ
ઔર કૌન કહેતા હૈ ગુજરાતીમે પાની નહીં હૈ..

ચાઈના અત્યારે આખી દુનિયામાં ધંધો કરે છે. પણ આપણો એક લલ્લુ ચીનમાં જઈને ધમધોકાર ધંધો કરે છે, અને તે પણ ચાઈ-નો. ચાઈનામાં એની ચાની લારી છે. અને ચાઇનીશ ભાષામાં એણે ગુજરાતી વાક્ય લખ્યું છે, ‘ફૂંકી ફૂંકીને પી' પેલા ચાઇનીશ લારી પર જઈને, ‘અડધી ફૂંકી..ફૂંકી ‘ માંગીને પીએ છે. આને કહેવાય ગુજરાતી.

ગુજરાતી એટલે મોજીલો માણસ. આપણે કોઈ ગુજરાતીને અમસ્તા જ પૂછીએ કે, ‘ કેમ છો ? ‘ તો તરત એ કહેશે.. ચારને બે છ! વળી પૂછીએ કે, બાળ બચ્ચાં કેમ છે? તો કહેશે કે, બાલ માથા પર અને બચ્ચાં એની મા પાસે.. લોકો સુખને વહેંચતા હોય, આપણો ગુજરાતી દુઃખને વહેંચીને સુખ લેતો હોય એનું નામ ગુજરાતી.

ગુજરાતી એટલે આખા બોલો, વાંકા બોલો ક્યા તો અબોલો. એ ક્યા તો મુજી પણ હોય ક્યા તો રમુજી પણ હોય. પણ પાછો મુદ્દલે ચોક્કસ!

## નંદનવન

(શેરી નાટક)

(આ નાટક ભજવતા પહેલા લેખકને જાણ કરવી એ તેનું સૌજન્ય છે)

સ્થળ: જાહેર બાગ

પાત્રો: એક પાગલ, ગાંધીજીના ત્રણ વાંદરા, બે વ્યક્તિ અને નાનું બાળક.

(એક પાગલ બ્રેડ ખાતાં-ખાતાં અને ગીત ગાતા સુકા બાગમાં પ્રવેશે છે.)

પાગલ : હોંઠો પે સચ્ચાઈ રહેતી હૈ, જહાં દિલમે સફાઈ રહેતી હૈ, હમ ઉસ દેશકે વાસી હૈ, હમ ઉસ દેશકે વાસી હૈ, જિસ દેશમે ગંગા બહેતી હૈ.

(પાનાં રમતી બે વ્યક્તિ પાગલને જોઈ હસે છે. પાનની પિચકારી મારી કહે છે, સાલ્લો, પાગલ લાગે છે. ફરી પાનાં રમવા લાગે, અને ફરી પેલો પાગલ ગાય છે.)

પાગલ : મહેમાં જો હમારા હોતા હૈ, વો જાનસે પ્યારા હોતા હૈ... (પાનાં રમતી વ્યક્તિને ઉદ્દેશીને કહે) સીસ... લે, બ્રેડ ખાવું છે. પાનાંમાંથી ક્યારેય પાઉં ઉભું નહીં થાય. લે, બ્રેડ ખા !

વ્યક્તિ-૧ : સાલો, પાગલ છે કે ! રાજકપૂરનો આશિક !

વ્યક્તિ-૨ : અરે, છોડ યાર, તું તારે પાનું ઉતર ! આ તો જાહેર બાગ છે, એમાં રાજકારણી પણ આવે અને રાજકપૂરનો આશિક પણ આવે. બોલ શું ઉતર્યો...?

વ્યક્તિ-૧ : ફ્લાવરનો એક્કો !

પાગલ : હાહ્હાહાહાહાહા, ફ્લાવરનો એક્કો ? આ બાગમાં તને ક્યાય એકાદ ફ્લાવર દેખાય છે ? અરે ઝાડવા જ નથી દેખાતા તો ફ્લાવર ક્યાંથી દેખાવાના? માટે કાળીનો એક્કો બોલ, કાળીનો ! લે બ્રેડ ખા !

વ્યક્તિ-૧ : એઈઈ પાગલ, બકબક કરવું હોય તો ફૂટ અહીંથી.

પાગલ : (હસે છે) વાહ...! વાહ દુનિયા બનાને વાલે વાહ...! (ગાય છે)

દુનિયા બનાને વાલે, ક્યા તેરે મનમેં સમાઈ,
કાહે કો દુનિયા બનાઈ તુને કાહે કો દુનિયા બનાઈ.

વાહ, ગજબની દુનિયા બનાવી છે પ્રભુ તેં ? સત્યને લોકો બકબક માને છે. ફાટેલાં સાઈલન્સરનો અવાજ, નેતાના નઠારા ભાષણો અને મોટર-ખટારાના ભોં ભોં સહન કરે છે, અને સાચી વાતને બકવાસ માને છે ! લે બ્રેડ ખા, બુદ્ધિ આવશે.

વ્યક્તિ-૧ : ચાલ યાર, આ પાગલ આપણને રમવા નહીં દે. કોઈ શાંત જગ્યાએ જઈને બેસીએ.

પાગલ : (તાલી પાડતાં) અરે ઓ પાગલ, શાંત જગ્યા આ જ છે, એટલે તો હું અહી આવ્યો. અને તમે તો શાંતિથી ભાગવાની વાત કરો છો. જાવ... તમને શાંતિ મળે તો સરનામું મોકલજો. (ગાય છે) હમ ઉસ દેશકે વાસી હૈ, જિસ દેશમે ગંગા બહતી હૈ.

(ગાતા ગાતા આગળ જાય છે, અને એક ઝાડ નીચે ઉભો રહે છે ત્યાં એને વાંદરાઓનો અવાજ સંભળાય છે, પણ એ દેખાતા નથી.)

વાંદરા : માણસ, એ માણસ !

પાગલ : કોણ ? કોણે મને માણસ કહીને બોલાવ્યો ? ક્યાંથી બોલો છો ?

વાંદરા : ચાલ નાટક ન કર, ઉપર જો, છેક ઉપર નહીં, ઝાડ ઉપર જો. તું જેનું શ્રાદ્ધ કરે છે એ પૂર્વજો બોલે છે.

પાગલ : ઓહ... સમજાય એવું કંઈક બોલો ! કોણ પૂર્વજો ?

વાંદરા : અમે માણસ હતા. તમારી સ્વચ્છંદતાનો સર્વનાશ થશે પછી, ફરી આવતીકાલે માણસ થવાના છે, આ પૃથ્વી ઉપર શાસન કરવાના છે.

પાગલ : શટઅપ ! હું કોણ છું તે જાણો છો ?

વાંદરા : હા, તું અમારી સુધરેલી આવૃત્તિ છે. અને અમે તારા પૂર્વજ, વાંદરા ! અમારે હજી પૂંછડી છે, અને તારી કાળક્રમે ઘસાઈ ગઈ છે.

પાગલ : હા, હા, હા, હા ! એટલે કે તમે વાંદરાઓ છો ?

વાંદરા : એમાં તું હસે છે શું, મૂર્ખ ?

પાગલ : એટલા માટે કે વાંદરા તે વળી બોલતા હશે ?

વાંદરા : કેમ નાં બોલીએ ? અમે ગાંધીજીના ત્રણ વાંદરા છીએ ? મહાત્મા ગાંધીનું નામ તો સાંભળ્યું છે ને ?

પાગલ : ઓહ, પણ તમે ક્યા છો ? હું મહાત્મા ગાંધી નથી તો શું થયું ? મારી નજીક આવો દોસ્ત ! મને આનંદ થશે.

(ત્રણેય વાંદરા ઝાડ ઉપરથી નીચે ઉતરી, પાગલની ફરતે ફરી ગાય છે )

રામ તેરી ગંગા મૈલી હો ગઈ, પાપીઓકે પાપ ધોતે ધોતે..

પાગલ : ઓહ...સ્ટોપ ઈટ..!! તમે ગાંધીજીના ત્રણ વાંદરા નથી, તમે આજના ‘ઈડિયટ’ બોક્ષનાં બબૂચકો છો...!!!

વાંદરા : ના, અમે બબૂચકો નથી... વિવેચકો છીએ.અને ગાંધીનાં જ વાનરો છે.

પાગલ : તમે ઢોંગીઓ છો. તમને ખબર છે, ગાંધીજીના ત્રણ વાનરો પૈકી એક આંખ બંધ રાખતો, એક કાન બંધ રાખતો અને એક...........

વાંદર-૨ : મો બંધ રાખતો તે વાંદર હું છું !

પાગલ : પણ તું તો બોલે છે ?

વાંદર-૨ : બોલ્યો નહીં, તેથી તો બધું બેહાલ થઇ ગયું ! ગાંધી યુગમાં જંગલો હતા, આજે દંગલો છે !

વાંદર-૧ : તને ખબર છે પાગલ, મારી આંખો બંધ હતી, છતાં પર્યાવરણની પ્રોપર્ટી અકબંધ રહેતી. અને આજે આંખ ખોલીને જોઉં છું તો બિનખેતીના જંગલો...

વાંદર-૩ : હે, પાગલ, મારા તો બંને કાન બંધ હતા. કોયલનો ટહુકો.. અને કબુતરોનું ઘૂ ઘૂ ઘૂ સાંભળવાનું મારા નસીબમાં ન હતું. મે માત્ર કોયલોની કાળાશ અને કબૂતરોનું ભોળપણ જોયું હતું, અને આજે કાન ખોલીને સાંભળું છું, તો મને સંભળાય છે, માત્ર માણસોનું હું હું હું હું !

પાગલ : વાહ...વાનરરાજ વાહ ! તમે બ્રેડ વગર પણ કેટલા બુદ્ધિશાળી છો ? હું આજ વાત કહેવા ગયો, અને લોકોએ મને પાગલમાં ઠેરવ્યો. અમે તો માણસ બનીને શ્રી રામના અનુયાયી નહીં બની શક્યા પણ તમે તો પવન પુત્ર હનુમાનના ભક્ત નીકળ્યા એટલે તમે ગાતા હતા કે, 'રામ તેરી ગંગા મૈલી હો ગઈ, બરાબરને..???

વાંદરા : હા. પાગલ ! પ્રદૂષણથી માત્ર ગંગા જ નહીં, ગંગોત્રીની ગોદ પણ મેલી થઇ ગઈ છે.

પાગલ : વાનરરાજ, ગંગા તો પવિત્ર છે. એની ગોદમાં મમતાના પ્રવાહને બદલે મડદા અને કેમિકલનો પ્રવાહ વહે છે, એ હુ જાણું છું. નિર્મળ અને નિર્ઝર પાણીના વહેતા ઝરણાની વાત હવે પરીવાર્તા બની ગઈ છે, એ પણ હું હું જાણું છું. પણ એ તો કહો, મહાત્મા ગાંધી ગયા પછી તમે ક્યાં અલોપ થઇ ગયા હતા ?

વાંદરા : તું બ્રેડ ખાઈને બેરિસ્ટર જેવી દલીલ ન કર. અમે તો અહીં જ છીએ. આ એ જ જંગલ છે જ્યાં અમારા પૂર્વજો જન્મ્યા, પણ 'નોન એગ્રીકલ્ચર'ના રાક્ષસે અમારી આ જન્મભૂમીને સૂકી વરીયાળી બનાવી દીધી. અમે તો છે ત્યાને ત્યાં જ જંગલમાં છીએ પણ તું તારા ભાઈભાંડુથી વહેંચાતો વહેંચાતો જંગલ સુધી આવી ગયો.

પાગલ : અને.....તમે મહાત્મા ગાંધીજીનાં વિશ્વાસુ વાંદર હોવા છતાં તમે આ બધુ જોયા કર્યું. એટલે તમે તો માણસ કરતાં પણ વધારે જવાબદાર છો.

વાંદર-૧; મારી તો આંખ બંધ હતી, માણસ...! મને તો ખબર જ નથી કે આ નિકંદન કોણ કરી ગયું ?

પાગલ : તું તો છટકવાની વાત કરે છે.... તારા કાન અને તારું મો ક્યાં બંધ હતું ? પક્ષીઓનો કિલકિલાટ, પ્રાણીઓનો ખીલખીલાટ અને હવાની લહેરખી બંધ થઇ ગઈ તો તેની તને અનુભૂતિ તો થઇ હશેને એ વેળા ? તું બોલી તો શક્યો હોત ને ?

વાંદર-૨ : ખોટી દલીલ ન કર પાગલ ! એ બોલ્યો હોત તો પણ શું ફરક પડવાનો હતો ? મારા કાન બંધ હતા, અને ત્રીજાનું મો બંધ હતું. એ સાંભળી શક્યો હોત તો બોલી ના શક્યો હોત !

પાગલ : વાનરરાજ ! તમે ઉપકાર અને અપકાર વિષે કંઈ જાણો છો ?

વાંદરા : પાગલ, તને ખબર છે કે અમે વાંદરા છીએ, છતાં આવા અઘરા સવાલ કેમ પૂછે છે ? તું જ કહે, આ બંને કઈ બલા છે ?

પાગલ : ભૂતકાળ અને વર્તમાનકાળ !!

વાંદરા : એટલે ?

પાગલ : 'બુરા મત મત સુનો, બુરા મત બોલો, બુરા મત દેખો' આ તમારી જ મુદ્રા હતી ને ? જે ઉપકારી મુદ્રા હતી, એટલે એ તમારો ભૂતકાળ હતો અને ગાંધીજીના વિશ્વાસુ વાંદરા થઈને આંખ આડા કાન રાખી મૂંગા રહ્યા એ તમારી અપકારી મુદ્રા અને વર્તમાન કાળ છે.

વાંદર-૨ : ઢોંગી ! તારા પાપના દોષ તું અમારા પર નાંખે છે ? પર્યાવરણની જાળવણીમાં તારૂં અભિયાન કેટલું ? માત્ર સભા=સરઘસ અને પોસ્ટર જેટલું જ ? તારૂં તો મગજ સુદ્ધાં ખુલ્લુ હતું, છતાં નિકંદન નીકળી ગયું ?

વાંદર-૧ : આ સિમેન્ટ કોન્ક્રીટનાં જંગલ કોને ઉભાં કર્યા ? (બધાં : માણસજાતે)

વાંદર-૨ : વૃક્ષો કાપીને વૈતાળ કોણે ઉભાં કર્યા ? (બધાં : માણસજાતે)

વાંદર-૩ : ધરતીમાં છિદ્રો પાડી પાણી કોણે ખેંચ્યા ? (બધાં : માણસજાતે)

બધાં વાંદરા : જંગલ તોડી શહેર કોણે ઉભાં કર્યા ? (માણસજાતે - માણસજાતે)

વાંદર-૧ : તારૂં ગૌરવ તેં જ ગુમાવ્યું છે......

વાદર-૨ : નંદનવન ધરતીનું નિકંદન તેં જ કાઢ્યું છે, તુ મૂર્ખ છે, પાગલ છે !

વાંદર-૩ : અંગારવાયુ કાઢી કાઢીને અમારો પ્રાણવાયુ તેં જ ઝૂંટવ્યો છે !

વાંદર-૧ : તું સ્વાર્થી છે. મનીમેકિંગ મશીન છે.

વાંદર-૨ : તું રોગી છે... તું ઢોંગી છે... તું ભોગી છે.... તું... ભ્રષ્ટ છે... તું.... દુરાચારી છે... તું... તું..... તું..... તું......

પાગલ : ઓહ..... સ્ટોપ ઈટ....! સ્ટોપ......ઈટ !! સ્ટોપ..... ઈટ !!! (પાગલ ચક્કર ખાઈને ઢળી પડે છે, અને બેહોશ થઇ જાય છે. થોડીવાર બધું જ શાંત. બધાં વાંદરા એક સાથે ભેગા મળી, હાથ ઉપર કરી પ્રાર્થના કરતાં બોલે છે)

હે...પ્રભુ ! અમે એ નથી જાણતા કે, અમારે શું કરવાનું છે? પણ અમે એટલું જરૂર જાણીએ છીએ કે અમને અમારું જંગલ પાછું જોઈએ છે. અમારી વનરાઈ પાછી આપ. શુદ્ધ હવા પાછી આપ, વનરાજનો અવાજ અને પ્રાણીઓનો તરખાટ પાછો આપ, પક્ષીઓનો કલરવ અને ઝરણાઓનો અવાજ પાછો આપ, અને આમની જેમ ઢળી પડેલી જનતાને મહાત્મા ગાંધીનો અવાજ પાછો આપ.)

પાગલ : (કળ વળતાં ધીરે ધીરે બેઠો થાય છે) દોસ્તો, મને લાગે છે કે હું હવે ખરેખર પાગલ થઇ જઈશ.

બધાં વાંદરા : એટલે શું તું પાગલ નથી ?

પાગલ : ના દોસ્ત ! હું તો પર્યાવરણનો અધ્યાપક છું. પર્યાવરણની આ દુર્દશા જોઇને હું પાગલ થઇ ગયો હતો. પણ હું પાગલ નથી, દોસ્ત. હું તો તમારી જેમ પર્યાવરણ પ્રેમી છું. પણ પર્યાવરણ બચાવોનાં ઘાંટા પાડી પાડીને મેં મારી આવી દશા કરી મૂકી છે. અને લોકોએ મને પાગલ ઠેરવી દીધો. છતાં હું બોલતો રહ્યો, પણ મારી વાત સાંભળે કોણ ?

બધાં વાંદરા : ગભરા નહીં દોસ્ત ! તારી વાત હવે અમે સાંભળશું. હવે તું એકલો નથી. આપણે ભેગા મળીને આ ધરતી નવપલ્લવિત કરીશું. અને માણસને સાચો રાહ બતાવીશું ! બોલો અમારે શું કરવાનું છે ?

પાગલ : (બધાં વાંદરાઓને ભેટે છે અને કહે છે ) તમારે ફરી પેલી ગાંધીજીવાળી મુદ્રામાં આવવાનું છે, (વાંદર ૧ને) હવે તારેતારી આંખ બંધ નથી રાખવાની, પણ ખુલ્લી રાખવાની છે, અને વૃક્ષોનું છેદન નહીં થાય તે જોવાનું છે.

વાંદર-૨ : અને મારે ?

પાગલ : તારે તારા કાન ખુલ્લા રાખી ઝરણાઓ - પક્ષીઓ - પ્રાણીઓ અને હવાના મંદમંદ અવાજો સાંભળવાના, એને પ્રેમ કરીને તારી આજુબાજુમાં વસાવવાના.

વાંદર-૩ : અને.. મારે શું કરવાનું તે મને સમજાઈ ગયું. મારે સમય સમયે બોલતા રહી જગતને જાગતું રાખવાનું છે.

પાગલ : હા દોસ્ત ! તું જ તો આ પર્યાવરણનો સાચો સંત્રી છે. ચાલો ચેરીટી બીગન્સ એટ હોમ. આપણે આપણા જ ઘરથી શરૂઆત કરીએ. ધરતીને નંદનવન બનાવી, ગામડે - ગામડા ગોકુળીયા બનાવીએ.

વાંદર-૧ : આ ભારતને એની સોનેરી સવાર પાછી આપીએ.

વાંદર-૨ : આ ભારતને રળિયામણી સાંજ પાછી આપીએ.

વાંદર-૩ : આ ભારતના પ્રત્યેક પ્રાણી અને માણસ સ્વચ્છ હવામાં નીંદર માણી શકે એવી રાત પાછી આપીએ. બોલો મેરા ભારત મહાન.

બધાં વાંદરા : (ગાય છે) જહાં ડાલ ડાલ પર સોનેકી ચીડીયા કરતી હૈ બસેરા..... વો ભારત દેશ હૈ મેરા, વો ભારત દેશ હૈ મેરા.

(હાથમાં ત્રિરંગો ઝંડો લઈને એક બાળક કિસાનના પરિવેષમાં પ્રવેશે છે અને ગાય છે)

જય ભારતી..... જય ભારતી
જય ભારતી..... જય ભારતી

નાનું બાળક : ભારત માતા કી (બધાં એક સાથે) જય !

## મિ. વતેસરશ્રી..

આમ તો ચમન ચક્કીનું મૂળ નામ લાભશંકર દેવચંદભાઈ નરમાવાલા. પણ લોકો એમાં પણ શોર્ટકટ વાપરી એને લા.દે.ન. તરીકે જ બોલાવતા. એને મળવા માટેનો પણ એણે ખાસ સમય રાખેલો. એમાં લખેલું, ‘ લા.દે.ન. ને મળવાનો સમય  સાંજે ૩-૦૦ થી ૬-૦૦ ‘ પણ એમાં ઓસામા બિન લાદેનનું લફરું ઉભું થયું, તેમાં તો એકદિવસ એના ઘરે પોલીસનો પહેરો ગોઠવાય ગયો. ત્યારથી એમણે ધંધાનો આધાર પકડીને નામ ચમન ચક્કી ડીકલેર કર્યું. લાદેન તો મરી ગયો, પણ ચમન ચક્કીનું પાછું લાભશંકર દેવચંદભાઈ નરમાવાલા ન થયું, તે ન જ થયું !!

લાદેનનો, સોરી આ ચમનીયાનો મૂળ ધંધો તો અનાજ પીસતી ચક્કીનો. એના ઉપરથી એને બધા જ ચમન ચક્કી તરીકે જ ઓળખે. કેટલાક એને મિ. વતેસર તરીકે કે, ચમન લેપળી તરીકે પણ બોલાવે. અમારા ચમનીયાને એનો જરા રંજ નહીં. મને કહે, જેમ આવડે તેમ ભલેને બોલાવે, આપણને બોલાવે તો છે? ગુજરાતમાં ‘સંતોષી નર સદા ખુશી ..’ કહેવત અમારા આ ચમનીયા ઉપરથી પડેલી! એની લેપળી બહુ ચાલે. એનું કારણ શોધવામાં અમે આખી પીએચડી જેટલો અભ્યાસ કર્યો ત્યારે ખબર પડી કે, ચમન ચક્કીએ એનું પ્રાથમિક શિક્ષણ બહેનો સાથે મિશ્ર પ્રાથમિક શાળામાં લીધેલું. એમાં પાછો અનાજ દળવાની ચક્કીનો ધંધો બોનસમાં આવ્યો. એટલે ચક્કી, ચક્કીનું કામ કરે ત્યાં ચમન ચક્કી શું કરે? બહેનો સાથે ગામ-ગપાટા હાંકે, એટલે ચક્કીના ધંધા કરતાં ‘લેપળી’ ચલાવવાના ધંધામાં એ ‘અવ્વલ’ બન્યો. આજે પણ વાત વધારવામાં, વાત કરવામાં અને વાતનું વતેસર કરવામાં એની તોલે કોઈ નહીં આવે, એ એનો રેકોર્ડ છે!

અમારો આ ચમનીયો આમ તો ખૂબીવાળો માણસ છે. કોઈપણ પ્રકારની વાત કરવામાં એને વિષયની જરૂર નથી પડતી. તમારા હાલચાલ ઉપરથી વિષયના મથાળા બાંધે. સાંભળનાર હોય કે ના હોય, એની એને પરવા નહીં, પણ બોલવા જોઈએ. બોલતા રહેવાથી જીભ ધારદાર રહે છે, એવું એનું ગણિત છે. અને એટલે જ કોઈ ‘ચીકન’ બોલે, તો એ ‘ચીન’ સુધીના મરઘા આપણી સામે મૂકી દે! એટલું જ નહીં, સાંભળનારને જો સમય હોય તો, ચીકનથી ચીન સુધીનો ઈતિહાસ પણ બકી નાંખે. માનો કે ‘વંટોળ’ માંથી ઉભી કરેલી વાત ‘વિક્રમ-વેતાળ' સુધી ના પહોંચે ત્યાં સુધી એનું ફૂલસ્ટોપ આવે જ નહીં! ગમે એ કહો. આવા માણસો લોકમાનસમાં કેન્દ્રસ્થાને જ રહે છે. લગ્ન હોય કે મરણ, ભજન હોય

કે ભોજન, સમારંભ હોય કે શ્રધ્ધાંજલિ, આવા કોઇપણ પ્રસંગ આવા વાતોડિયા વિના જામે જ નહીં. મરણના રાત્રી પ્રસંગે ટાઈમપાસ માટે આવા કલાકારને તો રીતસરનું આમંત્રણ આપીને બોલાવે. આવા મિ. વતેસરોને કહેવાય છે કે, હાર્ટ-એટેક નસીબમાં હોય તો જ આવે, આમ ક્યારેય નહીં આવે. પણ જો કોઈની ઉપરાછાપરી શોકસભામાં ચાર-પાંચ દિવસ બબ્બે કલાક માટે જવાનું થયું તો, ન આવવાનો હોય તો પણ આવે! આવા વતેસરની વાતોમાં ક્યારેય દમ નથી હોતો. છતાં દમ વગરના માણસો જેમ માન-પાન મેળવ્યા કરે, એમ અમારો આ ‘ચમન-લેપળી’ પણ લોકોમાં ધબક્યા કરે..

મિનેસોટા વિશ્વવિદ્યાલયના પ્રાધ્યાપક મિ. શેલારે એક વાતનું સમર્થન કર્યું છે કે ‘સ્ત્રીઓ કરતાં પુરુષો વધારે વાતોડિયા હોય છે.’ પ્રથમ દ્રષ્ટીએ તો આ વિધાન આપણને શંકામાં ભેરવાયેલું જ લાગે. પરંતુ જ્યારથી આ ચમનિયો ઉર્ફે ચમન લેપળી, ઉર્ફે વાતોડિયો, ઉર્ફે મિ. વતેસર અમારી અડફેટમાં આવ્યો છે ત્યારથી મિ. શેલારના આ આભિપ્રાય પર અમને પણ વિશ્વાસ બેસી ગયો છે. કારણ પેલી સ્ત્રીઓ એની સાથે વાત કરવામાં મેદાન છોડી જાય, પણ અમારો આ ચમન લેપળી મેદાન ઉપર અણનમ રહીને એકલો પણ રન કરે! જો કે જગતના અભ્યાસી માણસોએ, માણસ એક દિવસમાં કેટલું બોલી શકે છે, એનો પણ અભ્યાસ કર્યો છે અને વધુ બોલવાથી આયુષ્ય ઓછું થાય છે, એવું પણ તારણ કાઢેલું છે. પણ અમારા આ ચમન ચક્કીના કિસ્સામાં બધા તારણ તણાઈ ગયા હોય એમ એની બક.. બક સાંભળનારા ઘણા ઉકલી ગયા પણ એ હજી ૬૫ વરસે પણ પૃથ્વીસ્થ છે. જો કે એમની સાથે વાક-સંગ કરવો એ સત્સંગથી પણ વિશેષ છે એવો સાંભળનારનો અનુભવ છે. જે કહો તે, માત્ર વાત કરવામાં રસિક હોવાને નાતે આજે એ અમારા પરગણાનો પ્રખ્યાત પુરુષ કહેવાય છે. જે લોકો લોકપ્રિયતા હાંસલ કરવા નઠારા આંધળુકિયા કરે છે, એમને આ મિ.વતેસર પાસે ઘણું શીખવા જેવું છે. જેમણે ‘વાત માંથી વટ’ ઉભો કર્યો છે. તેથી એ વાતની વતેસરનો સિદ્ધિ વિનાયક પણ છે!

મિ. વતેસરના નશીબમાં પણ એક પત્ની હતી. કર્મસંજોગે તેનું નામ ‘શાંતિ’ હોવા છતાં, એ બીજાની શાંતિ છીનવવામાં પાવરધા રહેતાં. જ્યાં ‘શાંતિ રાખો’ બોર્ડ લખ્યું હોય, ત્યાં પણ અશાંતિ ઉભી કરે એનું નામ મિ. વતેસર! મિ. વતેસર આટલો ખતરનાક વાતોડિયો હોવા છતાં વકતૃત્વ સ્પર્ધાનો એક પણ ઇનામી કપ એમના ઘરમાં નથી. એ પણ એક અજાયબી અને ટ્રેજડી પણ છે. મેં એનું કારણ પૂછ્યું તો કહે. 'જે કપ ચા પીવાના કામમાં નહીં આવે, એવા કપનો કચરો ભેગો કરવાનો શું અર્થ?’

મિ. વતેસર મૂજીને બદલે રમૂજી હોવાને કારણે એ ઘણાના દિલ તો શું તેને આખોને આખો જીતી લેતો. અને એટલે જ એ લોકભોગ્ય હતો. જેમ કુતુબ મિનારથી દિલ્હી ઓળખાય, તાજમહેલથી આગ્રા ઓળખાય અને ગેટ-વે થી મુબઈ ઓળખાય એમ અમારા પરગણામાં ચમન ચક્કીથી આખું ગામ ઓળખાય છે.

જો એક બાજુ હોકીના કોમેન્ટેટરને બોલવા બેસાડ્યા હોય. અને એક બાજુ આ ચમન ચક્કીની જુબાન ચાલુ કરાવી હોય, તો બોલવામાં ફર્સ્ટ આપણો આ ચમનીયો જ આવે. એટલા માટે કે હોકીના કોમેન્ટેટરને તો બોલવા માટે હોકીની મેચ જોવી પડે, જ્યારે આ પરમ વીર વાતોડિયાને આવું કંઈજ નહીં. જેમ પૂંછડી બાંધ્યા વગર પતંગ ચગી જાય, એમ એ ચગતો જ રહે! કંઈ પણ જોયા વિના જ એ એટલું બધું બોલે કે લોકો એને જોવા આવે.

કહેવાય છે કે રામાયણમાં સીતાજી બોલ્યા હોત તો રામાયણ ન થાત, અને મહાભારતમાં દ્રૌપદીજી મૂંગા રહ્યા હોત તો મહાભારત ન થાત. એમ અમારા આ મિ. વતેસર જો મૂંગા રહ્યા હોત તો આ લેખ ન લખાત. હવે તમને લાગે છે ને કે ન બોલવામાં નવ ગુણ કરતાં બોલે તેના બોર વેચાયમાં કેટલા ગુણ છે!

## નવી પેઢીના નરોતમો...

'આજની પેઢીથી તો ભગવાન બચાવે ભાઈ', આવો સિસકારો જો કોઈના મોઢેથી સાંભળવા મળે તો માનવું કે એ ભાઈના કિલોમીટર પૂરા થવા આવ્યા છે. આ લોકોનો એક જ તકિયા કલામ હોય, કે અમારા જમાનામાં આમ હતું, ને અમારા જમાનામાં તેમ હતું. અરે ભાઈ હતું ને? હમણાં નથી તો નથી. એની હાય-વોય શું કરવાની? પણ સાચી વાત એ છે કે આવી ફરીયાદ થવા માંડે એટલે માનવું કે વડીલના ઘરમાં ઘોડિયા અને બાબાગાડીનો ડેડસ્ટોક વધી ગયો છે અને ઘરમાં જેટલું ‘બાબા’ને ધ્યાન અપાય છે, એટલું ‘બાપા’ને અપાતું નથી.

આવા ઘર્ષણો આજના નથી, યુગોથી ચાલી આવે છે. એમાં ‘સાસુ-વહુ’, ‘નણદ-ભોજાઈ’ અને 'દેરાણી-જેઠાણી' ના ઝઘડાઓ લોક મશહૂર છે. આમાં પણ નવી પેઢીના નરોતમો અને જૂની પેઢીના ફર્નિચરની જ બબાલ છે. રામાયણમાં વાલ્મીકીજીએ લવ-કુશ સાથેનો શ્રી રામનો યુદ્ધનો પ્રસંગ જે રીતે વર્ણવ્યો હોય તે રીતે, પણ મૂળમાં તો એ યુધ્ધને ‘જનરેશન ગેપ વોર’ જ નામ અપાય. કારણ એ પણ એક જૂની પેઢી અને નવી પેઢીનું ઘર્ષણ જ કહેવાય.. ચાલો એ વાત પણ જવા દઈએ. હ્યુમર બ્રેઇન ઘસીને તમે જ કહો, ‘પેલી કૈકયીબેનના વચનમાં શું લેવાનું હતું? પ્રભુ તો અંતર્યામી હતા. ધાર્યું હોત તો, વનવાસ જવાનું શ્રીરામ ટાળી શકયા હોત. છતાં અપરમા નું વચન પકડી ભગવાન જેવા ભગવાન શ્રી રામે પણ વનવાસ દોડવા જ માડ્યું? ધાર્યું હોત તો મારા અંતર્યામીએ વનવાસ પ્રવાસને ટાળી શક્યા હોત. આખું અવધ ‘વચન’ નું નેગોશીએસન કરવા કાકલૂદી કરતુ હોવા છતાં શ્રી રામ ટસના મસ નહીં થયા. આ પણ એક ‘જૂની પેઢીથી છૂટકારો લેવાનો જ પ્રવાસ હતો, એવું મારા પરમવીર પૂ. આનંદદ્વારી બાપુનું માનવું છે.’ જો પામર મનુષ્ય આવી તક ગુમાવવા તૈયાર ન હોય, તો આ તો અંતર્યામી, ચૌદ વરસનો ચાન્સ મળતો હોય તો કોણ ગુમાવે? મા-બાપથી છૂટવા વનમાં ગયા, અને તે પણ એકલા નહીં, સીતાજી અને ભ્રાતેશી લખન પણ ભાગ્યા. હવે વિચાર કરો કે. બેન કૈકઈએ તો એકલા માત્ર ભગવાનશ્રી રામને જ વનમાં મોકલવા કહેલું. મા સીતાજી અને લક્ષ્મણને વચનના ક્યાં બંધન હતાં? છતાં આ ત્રિપુટી વનવાસ જવા સાથે જ નીકળી! આમ નવી પેઢીના નરોતમો અને જૂની પેઢીના અંતર ભગવાન શ્રી રામના યુગથી જ વધવા માંડેલા! જુઓને, ભરતભાઈ પણ વનવાસ ન ગયા, અને પિતાશ્રીથી અલગ થઈ જુદા મઢુલીમાં રહ્યા. આને તે જમાનાનો ‘જનરેશન ગેપ’ જ

કહેવાય! આજે આપણે ગામડા છોડીને શહેરમાં ભાગીએ છીએ, ભગવાન જંગલમાં ગયેલા. જેથી સગાં-વ્હાલાના કોઈ મેસેજ - ઈમેલ કે ટેલીફોનના પ્રેશર આવે જ નહીં.

પેઢી બદલાય, એની સાથે બધું જ બદલાય. ત્યાં સુધી કે વડીલનો બેડરૂમ પણ બદલાઈ જાય, અને વડીલ ઘરના ઓટલા ઉપર કે એકાદ ખૂણામાં પણ સપ્લાય થઇ જાય. સમય સાથે ચાલવું જ પડે. ન ચાલીએ તો સમય આપણને મૂકીને આગળ નીકળી જાય અને પછી એ ક્યારેય હાથ ન આવે. આમાં તો બ્રહ્મા - વિષ્ણુ - મહેશની માફક ત્રણ જ શબ્દ બોલાય..ચાલશે, ફાવશે ને દોડશે. આપણે લાંબુ જીવીએ એમાં બિચારા નવી પેઢીના નરોતમોનો શું વાંક? એ તો સારૂં છે કે મૃત્યુ આવે છે, એટલે માણસ નવી પેઢીના નરોતમથી અળગો પડે છે, અને ઘરમાં ફર્નીચર સાથેની જગ્યાઓ છૂટી થાય છે. વિચાર કરો કે માનવીને મૃત્યુ આવતું જ ન હોય તો શું દશા થાય? ઘર કુંભમેળાનું સ્થાનક બની જાત! અચ્છા ભૂપની પણ ઓળખાણ આપવા જઈએ, તો તે આપણો પંદરમી પેઢીના બાપાનો વચલો દીકરો જ નીકળે.. સારું છે કે સમયાંતરે મૃત્યુએ આપણા નવા પેઢીના નરોતમોની ઈજ્જત રાખી છે. નહીતર આજની જે લેટેસ્ટ વહુને સગી સાસુ સાથે નથી ફાવતું એને સતરમી પેઢીની સાસુ સાથે કેમનો પનારો પડ્યો હોત? આજે પણ મૃત્યના વાંકે શ્વાસ લેતા વૃદ્ધોની દશા જોઈએ તો નવી પેઢીના નરોતમોએ પેલાં પાળેલા કુતરા સારી રીતે જીવતા હોય! માણસ કેવો હોય? પાંચથી પચ્ચીસ વર્ષ સુધી સ્પાઈડર મેન, પચ્ચીસથી પચાસ સુધી સુપરમેન, પચાસથી પંચોતેર સુધી વોચમેન અને બાકીના વર્ષ સુધી ડોબરમેનની જેમ જ જીવતો હોય છે..

સમય સાથે બધું જ બદલાતું હોય છે, પણ આપણે નથી બદલાતા એ આપણે ઉભી કરેલી મુસીબત છે. અને તે કારણે જૂની પેઢી સાથે નવી પેઢીના નરોતમોનું ઘર્ષણ થવા માંડે. પેલાં (૬૨) ના આંકડાની માફક સામસામાં આવી જાય. જો આપણે પૂછીએ કે, કોણ કોણ લડે છે, તો કહેશે.. ધોતિયું અને જીન્સ લડે છે! પણ એક વાત સમજી લેવા જેવી છે, જો આપણો પગ ઘરમાં પડતાંની સાથે બધું શાંત થઇ જાય તો માનવું કે તમે વડીલ છો. અને તમારો પગ ઘરમાં પડવા છતાં જો કોઈને કોઈ ફરક નહીં પડે તો માનવું કે, તમે વૃદ્ધ છો. આ આજની  નવી પેઢીના નરોતમોનું જૂની પેઢીને માપવાનું વૃધ્ધો-મીટર છે! માટે સંસાર ભલે અસાર હોય, પણ 'સમય વરતે સાવધાન' રહેવામાં જ સાર છે, એ આજનું જીવનસૂત્ર છે.

આજની પેઢી અફલાતૂન છે. એમ જૂની પેઢીનાં જોગીઓ બધા જ ત્રાસવાદીઓ હોય છે, એવું પણ નથી. કેટલાંક સંસ્કારવાદીઓ પણ હોય છે. નવી પેઢી સૂઝ અને સમજણવાળી હોવાનો એકરાર કરતી જૂની પેઢી પણ છે. કેટલાક તો એવું પણ માને છે કે, સાલ્લા આપણે ધારવા કરતાં વહેલા જન્મી પડ્યા. મને પેલા શૌકીન ફિલ્મના ત્રણ બુઢ્ઢા – અશોકકુમાર, ઉત્પલ દત અને એ.કે. હંગલ સાહેબ આજે પણ યાદ આવે છે. આજની પેઢીને મ્હાત કરે એવા ઇશ્કી હતા ને? મને પેલી પંક્તિ યાદ આવે છે

કૌન કહેતા હૈ કી બુઢ્ઢે ઈશ્ક નહીં કરતે

વો તો હમ હૈ,  ઉસીપે શક નહીં કરતે

હજી એવા બુઢ્ઢાઓનો પણ સ્ટોક છે કે જે મોઢે ‘હરિ ઓમ‘ એ મોઢેથી છોકરી જોઇને હલ્લો, હાવ આર યુ.. નાં ડકાર નીકળે. આજના નવી પેઢીના નરોતમોને આવા ‘સુપરફાસ્ટ‘ નો ભારે ડર હોય છે. વાત પણ સાચી છે ને, જુવાનિયાની ગાડી ડગું-ડગું ચાલતી હોય. અને બુઢ્ઢા બાઉન્ડ્રી બહાર જાય તો કોણ ચલાવી લે?

જમાનો સતયુગનો હોય કે દ્વાપરનો, કળીયુગનો હોય કે ત્રેતાયુગનો - એના ખેલંદા આપણે જ હોઈએ છીએ. યુગ આપણા જ ઘરથી શરુ થાય છે, અને આપણા જ ઘર આગળ પૂરો થાય છે! એમ જે આજના નવી પેઢીના નરોતમો છે એ આવતી કાળનું વાસી ચવાણું થવાનું જ છે. દરેક દરેકના સમય પ્રમાણેના લેખા-જોખા હોય જ છે. કવિ કહે છે ને કે -

આપણા આ મુકામ ક્યાં સુધીના સાથે રહેશે?

## આજથી રસોડું બંધ છે...

જિંદગીની આ જ તો મજા છે રમેશ

કીમત કોડીની નહી, ને કરોડની વાત કર્યા કરે..

બંધી.. બંધી.. બંધી! આજે જયાં જુઓ ત્યાં બસ બંધીની જ બોલબાલા છે ભાઈ! મારી પત્નીનું આધારકાર્ડ લઈને મારા લમણે ઠોકાયેલા સ્ટેપ-પરિવારમાં (સ્ટેપ-ફાધર. .સ્ટેપ-બ્રધર એમ સ્ટેપ પરિવાર) જો પહેલી નાકા-બંધી કોઈએ કરી હોય, તો તે મારી સાસુએ લગ્ન પહેલાં મારા માટે કરેલી. 'દેખો ત્યાંથી ઠાર કરો' ના હુકમ આપે એટલી બધી એ ક્રૂર નહીં, પણ 'દેખો ત્યાંથી દૂર કરો' ના આદેશ તો એમણે મન મૂકીને વહેતા કરેલા. બિચારી એ ભોળીને ખબર નહીં કે, જેને આદેશ આપ્યા એ બધાં તો એક જ બીડીના ઘરાક! બહુ થાય તો, એક સિગરેટમાં એ બધાં આપણા ગીત ગાતા થઇ જાય. પાછળથી ખબર પડેલી કે, એ લોકો બંને જગ્યાએથી લાડવો ખાતા હતા!

નશાબંધી સમજાય, નશબંધી સમજાય, દારૂબંધી સમજાય, નાકાબંધી સમજાય અરે પેલી વાડાબંધી પણ સમજાય, પણ સાલ્લી આ ચૂલાબંધીની વાત સાંભળીને તો ખરેખર તમ્મર આવી જાય. ચૂલાબંધી સિવાયની કોઈપણ બંધી લાવો ને? દરેક બંધીમાં આ બંદા 'સિઝન'! 'પહોંચી વળીશું'ના ઢેકારા પહોંચ્યા વિના પણ ખાઈ લે. ચૂલાબંધી જો ડીકલેર થઈ તો ચમરબંધીના પણ 'ધોતિયાં' ઢીલા થવા માંડે. અને જો પાટલૂન પહેરતા હોય તો વરસોથી એકબીજા સાથે જોડાયેલા ગાજ અને બટન સુદ્ધાંએ પણ એકબીજા સાથે છૂટાછેડા લેવા પડે. આપણી એવી ભૂંડી દશા આવે બોસ કે આપણી ચારેય બાજુ રેલના પાણી ફરી વળ્યા હોય, અને પાણીમાં આપણું નાક 'ટચ' થવાની તૈયારીમાં હોય અને તે વેળા એવી તો ગૂંગળામણ થાય કે નહીં તો આપણે શ્વાસ લઈ શકીએ, કે નહીં તો રેલનું પાણી નાક વાટે પી શકીએ. આપણી દશાને તો મારો ગોળી, આપણને કોઈ દિશા જ ન દેખાય.

એ તો સારૂં છે કે ચીલા-ચાલુ જગતની બધી જ વ્યથા સહન કરવાની અને બધી જ 'બંધી' સહન કરવાની પ્રભુએ શક્તિ આપી છે, પણ આ 'ચૂલાબંધી' નું કેમનું કરવું? આ બલા તો હમણાં જન્મી! આવું તોફાન બાપ-દાદાના જમાનામાં ક્યા હતું? પહેલીવાર આવ્યું. અને તોફાન પ્રથમવારનું હોવાથી, ભગવાનના સિલેબર્સમાં પણ એના 'રેસ્ક્યુ' ના પલાખા ન હોય એ સમજી શકાય. હવે તમે જ કહો, ન

કરે નારાયણ અને આ ચૂલાબંધી જો જડબેસલાક બની તો આપણે શું કરી શકીએ? આપણો ખુદનો પાડોશી આપણો ગેસનો બાટલો ભલે દસવાર ઉછીનો લઇ ગયો હોય તો પણ, એ આપણને અડધો રોટલોને અથાણું આપવા ન આવે? અને બારીમાંથી હાથ કાઢી તાબડા ફોડે એ જુદો. બોસ એ વખતે આપણી મહાદશા વર્દી વગરના પોલીસ અને મોજાં વગરના ખાંસડા ઘસડતાં હોય, તેવી થઇ જાય. અને પેલા બંને પગના અંગુઠા બૂટ મોજા ફોડીને બહાર તમાશો જોવા ડોકિયા કરે એ જુદા.. જે લોકો પત્ની ઉપર રૂઆબ છાંટીને ઉજળાં દેખાતાં હોય એની તો તે દહાડે ઉઘડે કે સાલા આપણા પેટનું વાઈ-ફાઈ તો આપણા કરતાં આપણી પત્ની સાથે ઉંચો ઘરોબો રાખે છે. ત્યારે આપણને ભાન થાય કે, આપણે સભા-સરઘસ-સેમીનાર અને જાહેરમાં એટલા બરાડા પાડ્યા કે હે બહેનો, આગળ આવો, આગળ આવો અને હવે એટલી બધી આગળ વધવા માંડી છે કે પાછળ જવાનું નામ પણ લેતી નથી. આ ઉપરથી એમ લાગે કે આપણા પૂર્વજો કેવા સમજુ હતા? ભલે બે ચોપડી ભણેલા હોય, પણ એ વાત જાણતા હતા કે, આ પત્ની થકી જ ચૂલો સળગે છે અને ચૂલા થકી પેટ ચીમળાતું અટકે છે. પેટ છે તો આ પૃથ્વી છે. આ આખી પૃથ્વીની કિમત આપણા પેટને આભારી છે બોસ. હું તો કહુ છું, સૌના પેટ ઉપર જ આ પૃથ્વીની ધરી ફરે છે. તેથી આ અતિ જવાબદારી વાળું ‘ચૂલા ખાતું' મૂછાળાને આપવાને બદલે, સન્માનપૂર્વક સહનશિલતાની મૂર્તિ એવી નારાયણીને પૂર્વજોએ સોંપ્યું હતું! આજે પેટ અને પત્ની બંને સદ્ધર છે એનું કારણ આપણા પૂર્વજોની આ જડબેસલાક સમાજ વ્યવસ્થા છે.

કરોડો વર્ષ થયા છતાં સ્ત્રીને આપણે સમજી શક્યા નથી. ખુદ ભગવાન જેવા ભગવાન પણ ક્યાં સ્ત્રીને જાણી શક્યા હતાં? તો આપણે કિસ ખેતકી મૂલી? મોટાભાગની સ્ત્રીઓ કડવા ચોથના વ્રત રાખે છે. જો એ વ્રત તોડે તો આપણે ટપી જઈએ એવી માન્યતા છે, પણ એવું એક તો વ્રત બતાવો કે, આપણે વ્રત તોડીએ તો આપણી પત્ની ટપી જાય. સ્ત્રી એક અદભૂત કલાકાર છે. કોઇપણ સ્ત્રી મંદિરમાં જઈને એમ કહે કે, હે ભગવાન મને આવતા ભવમાં પણ આ જ પતિ દેજે. તો એ સાંભળી ખુશ નહીં થવાનું! એ એટલા માટે એવું કહે છે કે, આ ભવમાં આ લલ્લુભાઈ પંજુને તૈયાર કરવામાં મારી આખી જિંદગી ઘસાઈ ગઈ, ત્યાં બીજા ભવમાં બીજો નવો મળે તો પાછી એ જ મજૂરી કરવાની? તેના કરતા આ ટ્રેઈન્ડ થએલો જેવો છે તેવો ગોરધન શું ખોટો? સ્ત્રી એ બહુરૂપી પણ છે. એ દીકરી મા - બહેન - નણંદ - ભોજાઈ - મામી - માસી - કાકી - દાદી - પત્ની - સાસુ - ફોઈ - સાળી જેવા કોઈપણ રૂપ અને સ્વરૂપ ધારણ કરી શકે છે અને આબેહૂબ એ પ્રમાણે વર્તે પણ છે.

બાકી, રસોઈ એ તો કળા છે. આ કલાક્ષેત્રમાં પુરુષોએ ધમકી આપવા પૂરતું પણ ઝંપલાવ્યું નથી. અને તેથી આ રસોડું જ એક એવું સામ્રાજ્ય છે કે જ્યારે ભૂખ લાગે ત્યારે જ પત્ની અને રસોડાની કીંમત સમજાય. આદિકાળથી આ રસોડામાં માત્ર સ્ત્રીનું જ 'કિચન ક્વીન' તરીકેનું રાજ ચાલે છે. કેટલાંક ખામી-ચૂંધીયા ખાતી વેળા જાત-જાતની ચૂંધીઓ કરે છે. પણ એને ખબર નથી કે, સાણસી અને તવેથાના ગુણધર્મો શું છે? જો સાણસી અને તવેથા રસોડાના સાધન તરીકે રહે, ત્યાં સુધી એ અહિંસાવાદી અને પરોપકારી હોય છે. પણ જો પત્નીનું મગજ છટક્યું તો એ સાધનને શસ્ત્ર બનવામાં ક્ષણનો પણ વિલંભ થતો નથી. પતિ બિચારો પરમેશ્વર મટીને પોપટ બની જાય! જો કે એવા કેટલાક પતિઓ પણ રસોડાના એવા ચીટકું હશે કે જેને ડ્રોઈંગ રૂમ કરતાં રસોડામાં જ શ્વાસ લેવાનું વધુ ફાવે! એવાં લોકોને કિચનમાં કચકચ ન કરે ત્યાં સુધી ચેન જ ન પડે. ઘરવાળી બિચારીને વઘાર સુદ્ધાં ન કરવા દે! ઘરવાળી શું રાંધે છે એટલું ધ્યાન મરી-મસાલામાં આપતા હોય તો પતિ-પત્નીના અડધાં દુ:ખ ઓછા થઇ જાય !

ગ્રાહકો જાગોની માફક હવે કહેવું પડે કે દોસ્તો.. જાગો! બનવા જોગ છે કે જેમને પથારીમાં સૂતા સૂતા બેડ-ટી પીવાની આદત પડી છે, એના દહાડા હવે ભરાઈ ગયા છે. મ-હીંલાઓ હવે હલવા લાગી છે. 'બહેનો તમે આગળ આવો, આગળ આવો.. ની બૂમ હવે એને સંભળાવા લાગી છે. બારીમાંથી ડોકું બહાર કાઢીને જુઓ તો ખબર પડશે કે આપણે કુંભકર્ણની જેમ ઘોરતા રહ્યા, અને બહેનો હવે કબડ્ડીનો પાટો ચેક કરતી હોય, એમ આપણને ચેક કરતી જાય છે. હવે પેલી બુદ્ધિને પગની પાની સાથે નહીં, પણ એના બાવડાની તાકાત સાથે નાતો બંધાઈ ચૂક્યો છે. એને ખબર પડી ગઈ છે કે મારા ઘરમાં કીચન અને બેડરૂમ સિવાય ત્રીજો ડ્રોઈંગ રૂમ પણ આવેલો છે. જ્યાં સરસ મઝાનો ટીવી સેટ લાગેલો છે. બળ-બુદ્ધિ ને ધનમાં એ એટલી આગળ વધવા માંડી છે કે પુરુષની સમોવડીને તો ગોલી મારો, એ ભાખરવડી બનાવનારી હવે પુરુષની ઉપરવડી બનીને આપણને એવું ગૌરવ આપે છે, આપણે એના પતિ છે!

જવા દો એ વાત, આપણી વાત ચૂલાબંધીની છે, પત્નીનાં ગુણધર્મની નથી. આ તો વિચાર એ વાતનો આવે છે કે, જેમને મૂછ ઉપર લીંબુ ટાંગવાની આદત છે, એની શું હાલત થશે ?

જગતમાં જેનો જોટો નથી, એવા છન્નું ઇંચ લાંબી મુછ રાખનાર લાઠીના આહીર દેશર અર્જુન ડાંગરને જો એની પત્ની તરફથી રાંધણબંધનું એલાન મળે, તો એની મૂછમાંથી પણ પસીનો ઉતરવા માંડે. મૂછ કરતાં પત્નીની વેલ્યુ કેટલી ઉંચી છે, એ એને તે દિવસે સમજાય!

હું બરાબર જાણું છું કે, ચમન ચક્કીને માત્ર ઝાપટતા જ આવડે, એની પત્નીની માફક ખવડાવતા પણ ન આવડે. એટલે ચૂલાબંધીના સમાચાર સાંભળી એ તો એવો ભાવુક થઇ ગયો છે કે જાણે અમેરિકાએ ઇન્ડીયા ઉપર શસ્ત્રો વગર હુમલો ન કર્યો હોય? એના નખમાં રોગ નથી, પણ ચૂલાબંધીના સમાચાર સાંભળી એને 'હાર્ટ-એટેક' વાળી મસ્ત હેડકી આવવા લાગી છે. મને કહે, 'મેશભાઈ.. (મેન્યુફેક્ચર ખામી હોવાને કારણે એનાથી પહેલો અક્ષર બોલાય જ નહીં. સલમાન ખાનને પણ એ 'લમાન ખાન' જ કહે!) હેડકી 'વેજીટેરીયન' કહેવાય કે 'નોન-વેજીટેરીયન'? મેં કહ્યું જો હેડકી આવતાની સાથે, શરીર જીવથી છૂટુ પડી જાય તો 'નોન વેજીટેરીયન' અને બચી જાય તો 'વેજીટેરીયન' મને કહે, 'માન કે ન માન, આ ચૂલાબંધી થઇ તો મને હાર્ટ-એટેક' જ આવશે.' મેં કહ્યું, 'ચિંતા ન કર. તને જિંદગીમાં ક્યારેય એટેક નહીં આવે. 'અફઝલ ખાનને ફાંસીની સજા ડીકલેર થઇ છે, છતાં આઘાતથી એને ક્યારેય એટેક આવ્યો હતો? જેને 'હાર્ટ' હોય ને, એને જ 'હાર્ટ એટેક' આવે સમજ્યો?

દોસ્ત! અહી ઉંદરનો જીવ જાય છે, અને બિલાડીને 'ચીકની ચમેલી' ના ગીત સૂજે છે. તમારા હાસ્ય કલાકારોની આજ તકલીફ, તમારો હસાવવાનો ધંધો ધીકતો રાખવા માટે તમે પહેલા શ્રોતાઓના મોઢાં એમના સસરાના સસરાના સસરા મરી ગયા હોય એમ છોગિયા કરો છો અને જો તક મળે તો, મડદા માંથી પણ મર્મ શોધવાનું તમે ચૂકતા નથી. શોધો યાર, મને લાગે છે કે વિરોધ પક્ષના નેતાઓ સંસદ અને વિધાનસભા છોડીને હવે આપણા રસોડા સુધી આવી ગયા. જો આ ચૂલાબંધીની લડાઈ અંગ્રેજ જેટલી લાંબી ચાલે તો આપણા પેટની સાથે પાટલુન પણ ઢીલા પડી જશે. પેલા બટન એના ગાજથી દૂર ફંગોળાઈ જશે. આ પેટ ઉપર પાટુ મારવામાં કોને આનંદ આવ્યો હશે? જે પતિદેવો પરમેશ્વરના પાટિયાં લગાવીને ફરતા હશે, એ બધાં તો પોર્ટર જેવા બની જવાના એની કોઈને ચિંતા છે? જેને ચૂલાના (ચ) ની ખબર નથી, એ બિચારાની શું વલે થશે? ચૂંટણીમાં હારેલા ઉમેદવારની જેમ એ તો બિચારા ખાઉધરા બનીને લારીએ-લારીએ ભટકતા થઇ જશે. રામ-રોટી અને મહાપ્રસાદના સરનામાં શોધતા થઇ જશે.

હે ખાઈબદેલા દેશનેતાઓ! હવે તો તમે હદ કરો છો સાહેબ! જો આ ચૂલાબંધીમાં તમારો જ હાથ હોય તો જાવ.. અમે આપને શ્રાપ આપીએ છીએ કે તમને સાત ભવ સુધી ભાર્યા ન મળે. તમારા દરબાર ભાંગે તો ભલે ભાંગે, પણ અમારા ચૂલાનું નિશાન તાકીને તમે અમારા ઘરબાર શું કામ ભાંગો છો? તમે કામદારોને ઉશ્કેર્યા.. અમે શાંત રહ્યા, તમે સરકારી કર્મચારીઓને ઉશ્કેર્યા.. અમે શાંત રહ્યા, તમે વિદ્યાર્થીઓને ઉશ્કેર્યા.. અમે શાંત રહ્યાં, તમે હડતાળ ખાતર વાલીઓને મવાલી બનાવ્યા.. અમે શાંત રહ્યા. પણ કૃપા કરી અમારી સ્ત્રીઓને ન ઉશ્કેરો. એના ઉપર તો અમારો આ ‘ગાબડગુબડ’ વાળો સંસાર ગબડે છે. તમે ઉથલશો તો બીજો કોઈ પણ તમારી જગ્યાએ આવશે. પણ અમારો સંસાર જો ઉથલ્યો તો અમે પાયમાલ નહીં, પાગલ-પાગલ થઇ જઈશું. આ ચૂલાબંધીના વિચાર માત્રથી અમારી કલમ કંપે છે, દિલ ડંખે છે, મગજ થંભે છે, અને હૃદય અટકે છે. જેઈઈ.. માતાજી!

બોસ! જેણે જીંદગીમાં ક્યારેય હનુમાન ચાલીસા નહીં વાંચી હોય. એ હવે ‘સ્ત્રી-ચાલીસા' ના સંશોધન કરવા માંડશે. અને ઊંઘમાં લવારો કરશે કે સ્ત્રી એ ઘરનું ઢાંકણ છે, સ્ત્રી એ ઘરની લક્ષ્મી છે, સ્ત્રી એ ઘરની શોભા છે, પુરુષ એ ઘરનો બહુરૂપી છે. નારી તો નારાયણી છે, સ્ત્રી તો સમાજની સંસ્કૃતિ છે, ને સ્ત્રી એ પરિવારની ગંગોત્રી છે!

મારી આટલી વ્યથા-કથા કહ્યા પછી હું એ પણ જણાવું છું કે આમ તો ‘ચૂલાબંધી' નો મુદ્દો સાવ કાઢી નાંખવા જેવો તો નથી જ. જો અમને ભોજનનું મળતર મળતું હોય તો, એને રાંધણનું વળતર પણ મળવું જોઈએ. જ્યારે એ લોકો રસોડામાં બેસીને ફૂંકણી ફૂંકતા હોય, ત્યારે આપણો ગોવર્ધન ચલમ-બીડી કે સિગરેટનો દમ લેતો હોય એ ક્યાંનો ન્યાય? આવો અન્યાય તો ઓસામા બિન લાદેનની એક પણ પત્ની પણ ન સહન કરે! આપણી ને તો છેડવાની વાત જ નહીં. આપણે ભૂલી જઈએ છીએ કે આપણો પ્રત્યેક પાડોશી એટલે વર્દી વગરના પોલીસની પોલીસ ચોકી. એ આપણું ક્યા વાંકુ પડે એ શોધતો જ હોય. રસોઈની બાબતમાં ઘણા બધાં લોકો ઔરંગઝેબ હશે! કારણ પરણતા પહેલા એક પણ પુરુષે રાંધવાના કોર્સ કરેલ નથી. ઘણાં તો એવા પણ હશે કે જેને સુરણ અને રતાળુમાં પણ સમજ નહીં પડતી હોય. હવે જો ચૂલા-બંધી થાય તો શું હાલત થાય? હે ભગવાન, દમયંતીની જેમ આ બધાં નળ, રસ્તે રઝળતી વાર્તા જેવા ન થાય એનું ધ્યાન રાખજે. અમે જાણીએ છીએ કે ભલે તમામ શાકના સ્વાદ એક સરખા હોય. પણ એ પચાસ જાતના શાક બનાવે છે, એનું અમને ગૌરવ

છે. ચૂલાબંધીના પાશવી વિચાર એમના મગજમાં નહીં આવે એ માટે એમને આધ્યાત્મિક વિચારોના રવાડે ચઢાવજે. આમ પણ અમે મોંઘવારીમાં તો મરી જ રહ્યા છે, તું ભૂખે મરવાના દિવસ તો શું રાત પણ ના બતાવતો! જો, ભોજન જ નહીં થાશે તો તારા ભજન અમે કેમના કરીશું? માટે જેમ તે ટીટોડીના બચ્ચાને બચાવેલા એમ તું અમને આ 'ચૂલાબંધી' ની આફતમાંથી ઉગારી લેજે!

## ખત લિખતા હું ખૂનસે...

હે.. મહાત્મા ગાંધીજી ઉર્ફે બાપુજી!

અમે કેટકેટલા ભાગ્યશાળી છીએ કે જ્યારે જ્યારે આપને યાદ કરીએ ત્યારે અમને આપણી આઝાદી યાદ આવે, આઝાદીની લડત યાદ આવે, શહીદો યાદ આવે અને પેલી સુરતની સુતરફેણીનાં બદલે, સુતરની આંટી યાદ આવે. જો કે પોલીઓના રવિવારની માફક સરકારે આપને યાદ કરવા માટે કેટલાક રાષ્ટ્રીય તહેવારો રાખ્યા છે. જેથી કોઈ આપને ભૂલી ગયું હોય તો એ દિવસે જથ્થાબંધ યાદ કરી લે.

બાપુ સ્વર્ગમાં છાપાં આવે છે ખરાં? આઈ મીન વર્તમાનપત્રની વાત કરું છું. એમાં આવતા સમાચારથી જાણવા તો મળ્યું હશે કે 'ભલે અમે એક ગાંધી ગુમાવ્યા પણ હાલ અમારી પાસે ચાર પેઢી ચાલે એટલો 'ગાંધી' નો સ્ટોક છે. એ બધાને જોઇને મને તો એમ થાય છે કે આ ભારતમાં ભલે આપ સદેહે નથી પણ તમારા નામના ' એટીએમ' હજી ચાલુ છે. શેખાદમ આબુવાલાની પંક્તિ યાદ આવે...

કેવો તું કિંમતી હતો સસ્તો બની ગયો

બનવું હતું નહીં ને શિરસ્તો બની ગયો

ગાંધી તને ખબર છે કે તારું થયું છે શું?

ખુરશી સુધી જવાનો તું રસ્તો બની ગયો.

જોયું બાપુ? તમને યાદ કરવામાં કેટકેટલા યાદ આવી જાય છે. અમારા નેતાઓને આ લોજીક ખબર છે એટલે રામનામે જેમ પથ્થરો તરેલા એમ આ લોકો તમારા નામે આખો દેશ તરાવે છે. બોમ્બના કડાકા ભડાકા તો એમને ફટાકડાની આતશબાજી લાગે. જ્યારે તમો તો અહિંસાના પુજારી. 'મેં આઝાદ ભારતકા નાગરિક હું!' ની ખુમારીએ એને એવો ખમીરવંતો બનાવી દીધો છે કે ધડાધડ ફૂટતા બોમ્બ-ભડાકામાં માણસ ધાણીની જેમ ઉછળે છે. અને રક્તદાન કેન્દ્રોમાં જેટલું લોહી એક દિવસમાં એકઠું નથી થતું એટલું રસ્તા પર ઢોળાય છે. જેટલી પ્રાર્થના સભાઓ નથી મળતી એટલી અહી શોકસભાઓ થાય છે. બાપુ.. આ બધી રીમોટ યુગની કમાલ છે. આ રીમોટથી માત્ર ગરીબી જ નાબૂદ થતી નથી, ગરીબો તો નાબૂદ થવા માંડ્યા છે. રીમોટ કંટ્રોલ એક એવું શસ્ત્ર છે બાપુ કે જે બંધ હોય તે ચાલુ થઇ

જાય અને જે ઉડતો ન હોય તેને ઉડાવી દેવાય. કેટલાયના જીવ એનાથી ઉડ્યા હશે એ તો પોલીસ જાણે.

તમે બતાવેલી ટોપીની આ કમાલ છે. ભલે એ કોઈના માથા સાથે ન ફરતી હોય, પણ એકબીજાની ટોપી ફેરવાય તો છે. બાકી આપની ટોપી તો હવે નેતાઓ છોડે જ ક્યાં છે? કોઈ આપણને નેતા ન સમજી લે એ માટે જનતા તો બિચારી ઉઘાડે છોગ ફરે છે. પોતાની ટાલ ઢાંકવા પણ ટોપી પહેરતા નથી. તેઓ એ પણ જાણે છે કે ટોપી પહેરવાથી તાત્યા ટોપે ન થવાય. જો કે એક વાત છે બાપુ, આપણો સૈનિક તલવાર લઈને ફરે અને પેલો પરણવા નીકળેલો વરરાજા તલવાર લઈને ફરે એમાં ફેર તો પડે! આપના માથે મોરના મુગટ જેવી કેવી ટોપી શોભતી હતી. તમારા થકી ટોપીની શોભા વધતી હતી. હવે ટોપી થકી પહેરનારની શોભા વધે છે. સાવ ગાંડું માણસ પણ ટોપી પહેરીને પોતાની જાતને ગાંધીનો અનુયાયી કહેવડાવી મસ્તીમાં રહે છે. આમ પણ અમને ક્યાં ફુરસદ છે? ફરજીયાત જેટલા પહેરવાના છે એટલા જ કપડાને માંડ પહોંચી વળીએ છીએ ત્યાં ટોપીમાં માથું ક્યાંથી મારીએ? બીજું કે અમે જાણીએ છીએ કે, ટોપી તો આપ જેવા મહાન માણસને શોભે, અમારા જેવા આલિયા-માલિયાના માથા ઉઘાડા જ સારા.

બાપુ.. બોલવા જ બેઠો છું તો બોલવા દો... અમે જાણીએ છીએ કે ટોપી ધારણ કરવાથી ગાંધીવાદી નથી બનાતું, પણ સૂંઠને ગાંગડે ગાંધી થવા નીકળેલા નેતાઓને કોણ કહે કે, 'પ્રભુ .. આપ બ્રશ સાથે કઈ ટૂથપેસ્ટ વાપરો છો?' અમે આમ છતાં અમે એમની ઈજ્જત કરીએ છીએ. એક તો બિચારા દેશ સાચવે સાથે અમને પણ પાંચ વર્ષ સુધી સાચવે. એના બદલામાં બિચારા ભિખારીની જેમ મત માંગતા હોય, એ અમે આપી આવીએ એટલે અમારું કામ પૂરું. આપે જ તો શીખવ્યું હતું કે અહિંસામાં માનો, હિંસામાં નહીં. એટલે મોત આપવા લેવામાં અમે પડતા જ નથી. પાંચ વરસે એકવાર મત આપી આવીએ, પછી એ એના રસ્તે અને અમે અમારા રસ્તે. મેરા ભારત મહાન!

બાપુ આપની પાસેથી અમે જે ન શીખ્યા એ અમે આપની ગેરહાજરીમાં અમે આપની છબી પાસેથી શીખ્યા. દેશના ભાગલા કરવાથી દેશ નાનો થઇ જાય છે, એવી અનુભવે ખબર પડ્યા પછી અમે હવે ગરીબોના ભાગ પાડ્યા છે. આપે APL અને BPL શબ્દો સાંભળ્યા છે ખરાં? ન સાંભળ્યા હોય, હું જાણું છું. કારણ આ બધી આપના ગયા પછીની ઉપજ છે. હજી અમે એ-પીએલ, બી-પીએલ, સુધી જ આવ્યા

છે, ધીરે ધીરે અમારે સી-ડી-ઈ-એફ અને ઝેડ-એલ સુધી પહોંચવાનું છે. એ તો સારૂં છે કે આઈપીએલ મેચની માફક અમારા લેટેસ્ટ નેતાઓ ચૂંટણી ટાણે કેટલાક ગરીબો ખરીદી લે છે, એટલે ગરીબોનું ગાડું ગબડ્યા કરે. કયો ગરીબ કયા પક્ષનો છે એ તો ભાવ બોલાય ત્યારે જ સમજાય, એ અમારી વહીવટી વ્યવસ્થા છે. બાપુ, સાચી વાત તો એ છે કે દરેક પક્ષ ગરીબોની ખૂબ ચિંતા કરે છે. તેમાં ચૂંટણી આવે ત્યારે તો, ખાસ, જે ઉમેદવાર પાસે ગરીબોનો જેટલો સ્ટોક હોય એના ઉપર તે ઉમેદવારનું ભાવિ ઘડાય. જો કે બધા જ ગરીબો વેચાતા નથી. કેટલાક તો આજે પણ 'મહાત્મા ગાંધી અમર રહો' નો જયકાર બોલાવે છે. પણ હાલ અમારી પાસે એક બીજા પ્રકારના ગરીબોનો પણ બફર સ્ટોક થયો છે જેને અમે 'પ્રોજેકટીવ' ગરીબના નામે ઓળખીએ, એ આપના જોવામાં નહીં હોય કારણ આ બધી 'મોર્ડન-ગાંધી' ના સમયકાળની ઉપજ છે. પેલા બિચારા સામાજિક ગરીબો રહ્યા એટલે ગરીબી રેખાની ઉપર રહે છે. અને આ લોકો સરકારી રેખાની લગોલગ રહે છે. રામાયણમાં આવતી લક્ષ્મણ રેખા એ જ આજની સરકારી રેખા. આ પ્રોજેકટીવ ગરીબો અને પેલા સામાજીક ગરીબો એકબીજાની સમજૂતીથી પેલી સરકારી રેખાની અંદર-બહાર થયા કરે. નીચે વાળાના નામે યોજના મંજૂર થાય અને રેખાની ઉપરવાળો ઉંબાડિયું કરે એમાં સરકાર બહુ માથું મારતી નથી. ભલે કુટાતા કહીને ઓડકાર ખાઈ લે. આ તો આવું જ ચાલે. આવું અમને સાંભળવા મળે એટલે અમે પણ અમારૂં મોઢું જોવા સરકારી આયનો વાપરતા નથી.

હર્ષદ મહેતાનું નામ તો તમે સાંભળ્યું હશે. હું નરસિંહ મહેતાનો ભાઈ થાઉં એવી ઓળખાણ લઈને આવે તો બકરીનું દૂધ પાતા નહીં. નહીં તો બકરી પણ ગુમ થઇ જશે. આ તો તમે રહ્યા ભોળકા! અને પેલું 'વૈષ્ણવજન'નું ગીત લખવાવાળા નરસિંહભાઈના કુળના છે જાણી લાવ એની એકોતર પેઢી તારી દઉં એવું થશે. પણ એ તો અહીંયાં ઘણાની પેઢી ડુબાડીને આવ્યો છે એટલે શેહશરમમાં પડતા નહીં, અને એના માટે ભગવાન આગળ ઉપવાસનો પ્રયોગ કરતાં નહીં. એ આઝાદી પછીનો પેલો 'પ્રોજેકટીવ' ગરીબ નમૂનો છે, બાપુ ! હા બાપુ નમૂનો. આવા ગોડાઉનમાં તો ઘણા છે. એમનામાં અને ચડ્ડી બનિયાનધારીમાં એક જ ફેર. પેલાં ચ.બ.ધા. (ચડ્ડી બનિયાનધારી) બેંક બંધ થાય ત્યારે રાત્રે બેંક ખોલે અને આ લોકો દિવસે. બિચારા ધોળામાં કાળું એટલું કરે કે થાકી જાય એટલે રાત્રે પણ ક્યાંથી નીકળે?

અહાહા શું આઝાદ ભારતની કલ્પના હતી? રાત્રે કેવાં-કેવાં પેલાં ‘ઈસ્ટમેનકલર’ ના સ્વપ્ન આવતા હતાં? ભારતમાં રામરાજ્ય આવશે. અને આવ્યા લાલુ અને રાજુભૈયા! સુવર્ણયુગનો સૂરજ ઉગશે અને દૂધની ગંગાઓ વહેશે. ગંગાઓ ફિલમમાં ગઈ અને પાણીની બોટલ અને પોટલીઓ વહે છે. બાપુ, આપની આઝાદ ભારતની કલ્પનાઓ વિષે છોકરાઓને વાત કરીએ તો છોકરાઓ ખી ખી કરીને હસે છે. અમને ઘોંચું કહીને ગાંડામાં ખપાવે છે, બાપુ! 'ટકે શેર ભાજી અને ટકે શેર ખાજા' હવે સ્વપ્નમાં પણ આવતા નથી.

રામ જાણે શ્રીરામનો જન્મ કોના સમયમાં ક્યારે અને ક્યાં થવાનો છો? બાકી અમારા તો હવે રામ રમવા માંડ્યા છે. જો કે રામને કોઈ હજી ભૂલ્યું નથી. રામ સત્ય છે એવું આપનું વિધાન અહી ઝાઝું બોલાતું ન હોય, પણ 'રામ નામ સત્ય હૈ' તો રોજ બોલાય છે. જો શ્રીરામ પ્રભુની પ્રાર્થના સભામાં જવાનું થાય તો પ્રભુશ્રીને કહેજો કે 'હવે જન્મો તો – સબ ભૂમિ ગોપાલકી- નું તામ્રપત્ર પહેલું ચિતરાવી લે. અને અમારી સંસદમાં એપ્રુવ પણ કરાવી લે. જેથી અત્યારના જેવા ‘રામજન્મભૂમિ' જેવા ધગારા ન થાય. અને એમના ગયા પછી રામજન્મભૂમિ માટે ‘રામશરણ’ થનારના જીવતર લાંબા થાય.

બાપુ.. સાચું પૂછો તો અમે તો આજે પણ ધોયેલા મૂળા જેવા છીએ. જે દેશમાં રામનામથી પથ્થરો તરતા ત્યાં આજે બોમ્બ ધડાકા અને બળાત્કારમાં હરામીઓ તરે છે. હવે તો એક જ ઈચ્છા છે કે ફરીથી આપ પોરબંદરમાં પધારો અને આવા બંદરોથી ઉગારો!

## ચમચાઓથી સાવધાન

જ્યારથી આ સૃષ્ટિની શરૂઆત થઇ હશે, ત્યારથી ચમચાઓની બનાવટ થઇ હશે.

ચમચો મારો શ્વાસ ને ચમચી ઉચ્છવાસ, ખુરશીની ફરતે એની સજાવટ થઇ હશે.

મારા પરમ મિત્ર ચમન ચક્કીનું પાકું માનવું છે કે, જેટલા રેલના પાણીથી લોકો ખુવાર નથી થયા, એનાથી દશ ગણા લોકો આ ચમચાઓની ચમચાગીરીથી ખુવાર થયા હશે, ચમચાઓની બોલબાલા આ સૃષ્ટિની શરૂઆતથી જ છે. આદમ અને ઈવ પાસે તો કોઈ વિકલ્પ હતો જ નહીં એટલે, બાકી આ ચમચાઓ આદમ અને ઈવના છૂટાછેડા કરાવવામાં પણ સફળ થયા હોત.

આ ચમચાઓનો વ્યાપ આખા સચરાચરમાં વ્યાપેલો છે. એને રૂપ-રંગ-સુગંધ કે આકાર નહી હોવાથી એ પાસે બેઠેલો હોય તોપણ આપણને ખબર ના પડે. જ્યાં એવું બોર્ડ માર્યું હોયકે, 'પ્રવેશ પામતા પહેલાં પરવાનગી લેવી જરૂરી છે' કે 'No admission without permission' તો માનવું કે ત્યાં ચમચાઓનું મુખ્ય સ્થાનક છે. જો કે આપણે પણ એવા કડછા જેવા છીએ કે આવા ચમચાઓનું આપણે ઉકાળવા દેતા નથી. 'No parking' લખ્યું હોય ત્યાં આપણું સ્કૂટર પાર્ક ન કરીએ ત્યાં સુધી આપણને પણ સંતોષનો ઓડકાર આવે જ નહીં. ચોખ્ખું વંચાય અને સમજાય એવી ભાષામાં લખ્યું હોય કે, 'અહીં ધુમ્રપાન કરવાની સખત મનાઈ છે ' છતાં, જેણે લખાવ્યું એ જ આપણને પૂછે, 'બોસ.. માચીસબાચીસ છે?' અને આપણે પેલા બોર્ડની ઈજ્જત કરીને માચીસ હોય તો પણ કહીએ કે, ના નથી! એ આપણને કહેશે, 'ડોન્ટ વરી માચીસ તો મારી પાસે છે, તમે એક સિગારેટનું પાકીટ મંગાવો.'

આપણા કોઈ શાસ્ત્રો કે ધર્મગ્રંથમાં ચમચાઓનો ઉલ્લેખ નથી. કદાચ ઉલ્લેખ કરતી વેળા એક પંથના લોકોને, બીજા પંથવાળાના ચમચા આડા આવ્યા હોય એવું પણ બને અને એટલે જ ચમચાઓ માટેની લાયકાતો, ચમચાઓની આચાર સંહીતાઓ પ્રકાશમાં આવી નથી. ચમચાઓનું કામ બટાકા જેવું છે. જેમ બટાકો કોઇપણ શાક સાથે 'ફીટ' થઇ જાય, એમ આ ચમચાઓ કોઇપણ સાથે કોઈ પણ પ્રસંગમાં ફીટ થઇ જાય. જનમથી માંડી મરણ સુધીના કોઈપણ પ્રસંગમાં એને આમંત્રણ હોય, હોય ને હોય જ. ચમચાઓનું સ્થાન ગણપતિ પછી બીજા નંબરે હોય છે.

આ બધાં લાયક છે કે નાલાયક એમાં ભેજાનું દહીં કરવાની આપણે જરૂર નથી. પણ ચમચાઓ આપણા રોજબરોજના જીવનમાં એક અગત્યનું અંગ બની ગયા છે. કોઈપણ ખાતાના અધિકારી બનવું હોય તો, એ કેટલું ભણ્યો છે એ મહત્વનું નથી પણ એની ચમચાગીરીમાં કુનેહ કેવી છે, એ એની 'એબિલીટી' બને તો જ એ ઘડાયેલો અધિકારી કહેવાય. એની 'પાયે લાગણ' ચમચાગીરી ક્યારેક જાદુઈ ચિરાગની ગરજ સારી દે. જે ચમચો લાંબાલચક સૂત્રો, કાયદાઓ, નિયમો અને સતાઓને એક બીડી કે સિગારેટના અવેજમાં ભાંગી-ફોડી ને ભુક્કો બોલાવી દે એને કાર્યક્ષમ ચમચો કહેવાય. આવા ચમચાઓનું સ્થાન ધીરે ધીરે ઉચ્ચ કક્ષા ધારણ કરવા માંડે છે કારણ કે અધિકારીઓને ચમચાઓ વગર ચાલતું નથી અને ચમચાઓને અધિકારીઓ વિના ચાલતું નથી. એ બંને એકબીજાના અડધાં અંગ જેવા છે. કહો કે અધિકારીઓની સફળતાનો આધાર ચમચાઓ ઉપર જ છે. અને એટલે જ અધિકારીઓના બંગલે 'કુતરાઓથી સાવધાન' ના બોર્ડ હોય છે, પણ 'ચમચાઓથી સાવધાન' ના બોર્ડ ક્યાં હોય છે? જો કે ક્યાંક ક્યાંક ચમચાઓના ચહેરા કૂતરા સાથે મળતા આવે એ જુદી વાત છે!

મારા પરમ મિત્ર ચમન ચક્કીને ચમચા સંમેલન બોલાવવાની કુમતિ સૂજી તો એમા પણ પ્રવેશ લેવાની પડાપડી થઇ કારણ અધ્યક્ષ સ્થાને રાજ્યના અગ્ર કક્ષાના નેતાને રાખ્યા હતા. ખૂબ જાણીતા નેતાને અધ્યક્ષ સ્થાન આપો એટલે કેરેટ પ્રમાણે ચમચાઓને બેસાડવામાં તમે હાંફી જાવ એટલી પડાપડી થાય. મને તો એ જ સમજાતુ નથી કે આ ચમચાઓનું ભવિષ્ય શું હશે? અમારા આનંદ્ધારી બાપુનું કહેવું છે કે જેમ પાડો મરે ત્યાં સુધી પાડો જ રહે છે, તેમ આ ચમચાઓ પણ મરે ત્યાં સુધી ચમચા જ રહે છે. એના આકાર પ્રકાર અને વિકારમાં કોઈ જ ફરક પડતો નથી! સંમેલનમાં આગવા ઠરાવો થયા, જોરદાર ભાષણો થયા અને રજુઆતો પણ થઇ કે, સમાજમાં ચમચાઓનું સ્થાન અનિવાર્ય હોવા છતાં લોકો એને માનથી જોતા નથી. અને ફલાણાનો 'ચમચો' જેવા તુચ્છ શબ્દો વાપરી અમને માણસની વ્યાખ્યામાંથી હાંસિયામાં ધકેલી દે છે. તેથી આવા ચમચાઓને કાનૂની ઓથ મળવી જોઈએ. એને સંબોધન કરવામાં આવે ત્યારે 'નામદાર-નામાંકિત શ્રી શ્રી કે પરમ આદરણીય ચમચા ૧૧૧૧ જેવા ઉચ્ચારણો થવા જોઈએ. અને સારી કામગીરી બદલ ભલે પદ્મવિભુષણ જેવા એવોર્ડ ન આપે પણ પદ્મવિભિષણ જેવા એવોર્ડ તો જરૂર આપવા જોઈએ. આપણે બધાજ જાણીએ છીએ કે રાવણનું મૃત્યુ વિભીષણને કારણે જ થયું હતું. સતયુગની વાત કરીએ તો મંથરાનાં કારણે રામને વનવાસ જવાનો વખત આવ્યો હતો. એને મંથરાની ચમચાગીરી કહેવાય કે કેમ એ શોધનો વિષય છે. ભગવાન

શ્રી કૃષ્ણની દરમ્યાનગીરીથી અર્જુન યુધ્ધે ચઢ્યો હતો એને ચમચાગીરી કહેવાય કે કેમ એ શોધનો વિષય છે. પણ એક વાત નક્કી કે, આ ચમચાગીરી એક એવું શસ્ત્ર છે કે, જેને લીધે માનવી કાં તો યુધ્ધે ચઢ્યો છે, ક્યાં તો ધક્કે ચઢ્યો છે. જગતનો પહેલો ચમચો કોણ હતો એનો કોઈ આધાર આપણા ઇતિહાસવિદો પાસે નથી. એટલે તે ચાંદીનો હતો કે સોનાનો, લોઢાનો હતો કે સ્ટીલનો હાથાવાળો હતો કે, હાથા વગરનો એનો પણ કોઈ આધાર ઉપલબ્ધ નથી.

પ્રત્યેકના ધર્મો-ગુણધર્મો અને (અવ)ગુણધર્મો અલગ અલગ હોય, એ મગજમાં બેસતી વાત છે. સાહિત્યકારોએ આ બધી જ વાતની તકેદારી રાખીને એમને સારા શબ્દોની ડિક્શનરી આપી. પણ એમાં ચમચાનો ઉલ્લેખ માણસ માટે પણ થાય છે એવો કોઈ ઉલ્લેખ નથી. આવા ચમચાઓ અભૂતપૂર્વ હોવા છતાં એ સાહિત્યિક ઢાંચામાં અસ્પૃશ્ય રહ્યો છે. આજે ગાંધીનગરનું સચિવાલય હોય કે દિલ્હીનું સંસદભવન હોય, સરકારી થાણા હોય કે સહકારી સ્થાનક હોય, એની આસપાસ આ ચમચાઓનું ગરમ બજાર રહેલું છે. માત્ર મેળાપ અને મિલનમાં જ એ વહેતો હોય છે. જે ચમચો રાજને રવાડે ચઢાવે એ ચમચો અવ્વલ નંબરનો હોવાની માન્યતા છે!

ગમે તે કહો, આ ‘ચમચા’ શબ્દમાં જાદુ તો છે. જેમ ચમચા વિનાનો નેતા ના શોભે, એમ નેતા વિનાનો ચમચો પણ ઘી વગરની રોટલી જેવો લાગે અને એટલે જ 'જ્યાં જ્યાં વસે એક નેતાજી ત્યાં ત્યાં સદાકાળ ચમચા.' આવો લોકપ્રિય શબ્દ જેટલો બોલવામાં સારો લાગે એટલો જ એ જોવામાં પણ સારો લાગે. ક્યારેક તો એના ખેલ એવા અગનખેલ હોય છે કે સરકસના ખેલાડીથી પણ ચઢે! અલબત ચમચામાં પણ સોનાની માફક કેરેટ આવે. જેટલો ઊંચા કેરેટનો ચમચો એટલો મોભો ઉંચો. જો કે, ચમચો ગમે તે ધાતુનો હોય, આકારનો હોય, રૂપનો હોય, રંગનો હોય, કે ગમે એ દેશનો હોય, પણ તે ‘ચમચો’ તે ચમચો જ કહેવાય. ‘ચમચા' મૂલ્ય અને મેઈડ ગમે ત્યાનું હોય, પણ તેનો ઉપયોગ કયા લેવલે છે, તેના ઉપરથી એના કેરેટ નક્કી થાય.

ચમચાની આટલી ચમચાગીરી કર્યા પછી એક વાત તો કપાળ કૂટીને પણ કરવી પડે કે ચમચાગીરી કરવામાં બહોળો નફો ટકો નુકશાન જ છે. જો કે કહેવત છે કે, સાહેબની આગળ નહીં, અને ગધેડાની પાછળ નહીં. પણ, જેમ પાણીમાં પગ પડ્યા વિના તરતા ન શિખાય, એમ નેતાનો પક્ષ લીધા વિના પ્રખ્યાત ન થવાય. ચમચાગીરી કરો અને આપણું તરભાણું ભરો.. એ ચમચાગીરીનો પહેલો પાઠ છે.

ચાણક્ય બનવામાં અનેક માથાકૂટ આવે, ચમચા બનવામાં જોખમ કરતાં જલસા વધારે. રામ જાણે ચમચા બનવાનું મૂકીને ચાણક્યને ‘ચાણક્ય’ બનવાનું શું સૂઝ્યું હશે!

## નિબંધ ઉપર નિબંધ..!

સાલ્લો, શું જમાનો હતો, જ્યારે ભણતરની કિંમત હતી. ભણતર એટલે ભણ અને તરી જા એવું વિશ્વાસપૂર્વક કહેવાતું. એ જમાનામાં લોકો ભણવા માટે જ જનમ લેતાં હોય એવું ન હતું. પણ ગામની નિશાળ બંધ ન થઇ જાય એ માટે શાળામાં હાજરી આપવા જવાનું એને જ ભણતર કહેવાય એ તો અમે મોડા મોડા સમજેલા. નાના હતા ત્યારે મોટા પૂછતાં કે એકડા ભણવા જાય કે? અને અમે જાણે 'ઓક્સફર્ડ યુનિવર્સિટી' ભણતા હોય એમ વટથી કહેતા, 'હા જઈએ છીએ ને..' એ જમાનામાં પરીક્ષાની પણ કેવી ઈજ્જત હતી? દ્રૌપદીની માફક ઈજ્જત લૂંટાતી નહીં. જો અમને કંટાળો માત્ર નિબંધ લખવાનો આવતો. છતાં 'નિબંધો પૂછવાનું બંધ કરો' એવા પાટિયા લગાવી ક્યારેય હડતાળ ઉપર ગયા નથી. પણ હોંશે હોંશે 'હડતાળ' પર પણ નિબંધ લખી આવતા. ભણતા એટલે ખરેખર ભણતા. એ જમાનામાં શિક્ષકો અને વિદ્યાર્થી બનતા નહીં, પણ જન્મતા હતા. કોઈનો પણ (સન) એ જમાનામાં ટ્યુ-શન નહીં લેતો. આજે તો વાલી એના છોકરાના એક વિષયના ટ્યુશન માટે બે હજાર આપે છે, અને તેનો છોકરો નહીં ભણવાના એ જ શિક્ષકને બીજા હજાર રૂપિયા આપે. આમ શિક્ષકને બેઉ બાજુથી લાડવા મળે. હરામ બરાબર જો કોઈપણ પરીક્ષામાં એવો નિબંધ પૂછાયો હોય કે, 'ટ્યુશન એ ન્યુસન્સ છે કે આર્શીવાદ?'

મને ઘણીવાર વિચાર આવે કે આ નિબંધ લખવાનું તૂત કોણે કાઢ્યું હશે? આ નિબંધની શોધ ક્યારે અને કયા ચિંતકે કરી હશે? મારા બેટા કેવા કેવા નિબંધો પૂછે? 'કાળુડી કુતરીને આવ્યા ગલુડિયા' થી માંડી 'કાલીચરણ' સુધીના નિબંધો પૂછાયા હશે. દુનિયામાં જેટલા પણ નિબંધો લખાયા છે એ બધાને જો પૃથ્વીના પટ પર પાથરવામાં આવે તો પૃથ્વી પણ ટૂંકી પડે. કેટલાક નિબંધના મથાળા તો રાવણના માથાની જેમ એટલા લાંબા હોય કે વિદ્યાર્થી નિબંધ પહેલા મથાળુ લખવામાં જ લાંબો થઇ જાય! કોઈ જળાશય પર બંધ બાંધવો સારો, પણ આવા નિબંધ લખવામાં બિચારાને લકવો મારી ગયો હોય એવી વલે થાય! દા.ત. આપણે ત્યાં સામાન્ય રીતે 'હું દેશનો વડાપ્રધાન હોઉં તો' આ નિબંધ પૂછવાની ઘણી નિશાળોને આદત છે. હવે આપણે સમજી શકીએ કે જૂની ફિલ્મની હીરોઈન આજના અક્ષયકુમાર કે ઋત્વિક રોશન સાથે જામે ખરી? એને તો 'વડા-પાવ' વિશે જ નિબંધ પૂછાય, વડા પ્રધાન વિષે પૂછીએ તો બિચારા મન મોહનસિંગની જેમ મૂંગા જ રહે. બોરીસ બેકરને વૉલીબોલ ઉપર નિબંધ લખવાનું કહીએ તો કેવી હાલત થાય?

આપણે બધા જ જાણીએ છીએ કે શિક્ષકો પાસે હદ બહારની અપેક્ષા ન રખાય. એમની પણ મર્યાદા હોય બોસ! એમની પાસે નવું વિચારવાનો સમય જ ક્યાં છે કે નવા નિબંધ લાવે? બિચ્ચારાઓ મળસ્કે ઉઠી ઘરના મંદિરની ઘંટડી વગાડે ત્યારથી માંડી નિશાળનો ઘંટ પડે ત્યાં સુધી ક્લાસના છોકરાઓને ઘરે બોલાવીને ભણાવે. છતાં આપણે એમની કદર કરતાં નથી, ઉપરથી ટ્યુશનિયા - ટ્યુશનિયા કહીને બદનામ કરી મૂકીએ છીએ, શા માટે ભાઈ? વિચાર તો કરો, આપણું છછુંદર ટ્યુશન કરે છે એટલે પાંચ તાલી બાર બોલે છે, જેના છોકરા ટ્યુશન નથી કરતાં, એ હજી પાંચ તાલી આંઠના પાવડા સુધી પણ નથી આવ્યા?

ગમે તે કહો, સમયની સાથે દરેકમાં બદલાવ આવતો હોય છે. આખો ને આખો માણસ બદલાઈ ગયો તો આ પરીક્ષામાં પૂછાતા નિબંધમાં પણ બદલાવ આવવો જોઈએ. 'મને આવેલું મલ્લિકા શેરાવતનું સ્વપ્ન!', 'ભાગ કોંગ્રેસ ભાજપ આયા!', 'કૌન બનેગા કરોડપતિનું મને લાગેલું ઇનામ' જેવા રસપ્રદ નિબંધો પૂછાતા નથી. શાળાઓનું રીઝલ્ટ સારું નથી આવતું એનું કારણ પણ આ જ છે. મારા પરમ મિત્ર ચમન ચક્કીનું કહેવું છે કે, 'ક્યાં તો આજના ભણતર પ્રમાણે વિદ્યાર્થી નથી, અથવા તો વિદ્યાર્થીના પ્રમાણમાં ભણતર નથી. અને બંને પલ્લાં બરાબર હોય તો એ બે નાં પ્રમાણમાં શિક્ષકોનો સ્ટોક નથી.

આજે પણ મને પેલી 'ટોપીવાળા વાંદરાની વાર્તા', 'કાળુડી કૂતરીને આવ્યા ગલુડિયા..' વાળી કવિતા અને 'અઢાર અંગ વાંકા' વાળી કવિતા યાદ છે. વાર્તાઓ આજની ફિલ્મ કરતાં પણ અમને વ્હાલી લાગતી. અને કવિતાઓ આજના ફીલ્મી ગીતો કરતાં પણ મીઠી લાગતી. એમાં કાળુડી કુતરીને આવ્યા ગલુડિયાવાળી ધૂન આજે પણ ધૂમ-૨ની માફક ધૂમરાટી લે છે. આ કવિતા જ્યારે ગાતા ત્યારે ગલુડિયાનો આખો પરિવાર ગેલમાં આવી જતો. તે વખતે માણસની જેમ કૂતરામાં પણ સ્વાભિમાન જેવી ચીજ રહેતી. તેથી કુતરાઓ માણસને ન પાળતાં, પણ માણસ જ કુતરાઓને પાળતા હતા. આજે કુતરાઓ માણસને પાળે છે. જાણે રેશનકાર્ડનો દીકરો ન હોય? આજે માણસને માણસ પર વિશ્વાસ નથી, પણ કૂતરા ઉપર પોતાના પરિવારથી પણ વિશેષ વિશ્વાસ છે. દુઃખ એ વાતનું છે કે કૂતરાઓ ટકી રહ્યા પણ પેલી, કાળુડી કુતરીવાળી કવિતા દફન થઇ ગઈ!

## ભ્રમણ વગરના ભમરડા

(લઘુ નાટિકા)

સ્થળ : જાહેરબાગના બાંકડા

સમય: ઈ.સ. ૨૦૧૨ના વિદાયની અંતિમ સંધ્યા .. સાંજે ૪ થી ૫

પાત્રો: કહેવાતો પાગલ અને બુદ્ધિજીવી ચંપક

પ્રવક્તા : આઝાદી પૂર્વેનો આ બાગ છે. આઝાદ ભારતમાં વસંત મુરઝાયેલી હોવાથી ફૂલો તો શું કળી પણ ખીલતી નથી. અને ખેરવવાનું કઇ બાકી નથી, એટલે પાનખર હવે પ્રવેશતી નથી. છતાં એની છાપ ભૂંસાતી નથી, એ બાગથી જ ઓળખાય છે. જેમાં બે બાંકડા છે. લોકોએ આ બાંકડા પર આડા પડી પડીને ડોનરનું નામોનિશાન મિટાવી દીધું છે. બે પૈકી એક બાંકડે ચંપક અને બીજા બાંકડે કહેવાતો પાગલ બેઠો છે. ચંપક એની જન્મ કુંડળી વાંચવામાં મશગુલ છે. અને પાગલ, ૨૦૧૨નું કેલેન્ડર વાંચવામાં તલ્લીન છે. (પડદો ખૂલે છે..)

ચંપક : (જન્મકુંડળી વાંચતા-વાંચતા) આ તો સાલ્લી જનમ કુંડળી છે કે મરણ કુંડળી? ૨૦૧૨માં તો જાણે મારું બારમું થયું, પણ બે હજાર તેરમાં પણ મારું તેરમું થશે કે શું? સાલું ૨૦૧૩માં પણ કોઈ આશાનું કિરણ નથી. (આમ કહી કુંડળી ફાડવા જાય છે, ત્યાં બીજે બાંકડે બેઠેલો પાગલ હસે છે. ગાયન ગાય છે.

પાગલ : ચિઠીયાં હો તો સબ કોઈ બાંચે, ભાગ ના બાંચે કોઈ, સજનવા બેરી હો ગયે હમાર (૨)

ચંપક : એઈઈ મૂર્ખ! તું કોને સંભળાવે છે? અને કોની સામે જોઇને હસે છે ?

પાગલ : તારી સામે જોઈને હસું છું, અને તને જ સંભળાવું છું બોલ.

ચંપક : કેમ ભાઈ? કોઈની ટોપીમાં માથું મારે છે? તું છે કોણ ?

પાગલ : કેમ ભાઈ.. જોતો નથી? હું માણસ છું, પૂંછડા વગરનો માણસ! છતાં તું પૂછે છે, હું કોણ છું?

ચંપક : સમજી ગયો, તું પાગલ છે..

પાગલ : ડોબા, હું તને પાગલ લાગુ છું? પાગલ તો તું છે જે જીવવા માટે જનમ કુંડળીનો આધાર લે છે. હું તો મારા બાવડાંના બળે જીવું છું. હું તારી જેમ ભવિષ્યની ચિંતા કરતો નથી. પણ ભવિષ્ય મારી ચિંતા કરે છે.

ચંપક : બસ બસ! ચાલ આઘો જા, મારે તારી સાથે જીભા જોડી નથી કરવી.

પાગલ : નારાજ નહીં થા દોસ્ત. લે આ બટર વગરનો બ્રેડ ખા. બ્રેડ ખાવાથી બુદ્ધિ વધે છે. હું તારી જેમ ભવિષ્યની ચિંતા નથી કરતો, પણ હું વર્તમાનને જ સંભાળું છું. મને જો ચિંતા હોય તો એક જ વાતની ચિંતા છે!

ચંપક : બોલ.. કઈ ચિંતા છે તને?

પાગલ : તારી ચિંતા જાણવાની અને તારી ચિંતા રોકવાની! કેન યુ હેલ્પ મી?

ચંપક : એઈઈ.. ચૂપ! તું તો સાલ્લો ખરેખર પાગલ છે. તને શું કોઈની ટોપીમાં માથું મારવાની ટેવ પડી છે?

પાગલ : એ બબૂચક! જ્યાં સુધી ન બોલું ત્યાં સુધી, પાગલ-પાગલ શું બકે છે? પાગલ હું નથી, પાગલ તો તું છે. ક્યારનો તું આ ટોપી-ટોપી શું કરે છે. શું તારા બાપાનો ટોપી વેચવાનો ધંધો છે? જો તું તારી જાતને બુદ્ધિશાળી માનતો હોય તો જાણી લે કે બુદ્ધિશાળી હોવાનું લેબલ તે તારી જાતે મારેલું છે. બાકી તું તો રેશમી મોજા નીચેના ખરજવા જેવો છે. ફાટેલા મોજામાંથી ડોકું કાઢતા પગના અંગુઠાને તેં જોયો છે ? ખબર ન હોય તો જાણી લે કે તારી ઓકાત એનાથી વિશેષ કંઈ જ નથી.

ચંપક : શટ અપ..

પાગલ : લે.. નારાજ થઇ ગયો? નારાજ ન થા. પણ એક સત્ય તું સમજી લે, જિંદગીનું સાચું સુખ તારી જન્મ કુંડળીમાં નથી. પણ, મારા ભેજામાં છે. લે આ બટર વગરનો બ્રેડ ખા. બુદ્ધિ આપોઆપ ખીલશે!

ચંપક : સ્ટોપ ઈટ, મારે તારી કોઈ વાત નથી સાંભળવી.

પાગલ : તું તો ચાર ભ્રમણ વગરનો ભમરડો નીકળ્યો. ડોન્ટ માઈન્ડ, દુનિયાનો એક નિયમ છે. ‘એવરી બડી કેન નોટ બી ઈન્ટેલીજન્ટ, બટ એવરી વન કેન બી ઈન્ટેલીજન્ટ' લે બટર વગરનો આ બ્રેડ ખા.

ચંપક : સાલ્લા તું તો અંગ્રેજી પણ બોલે છે ને?

પાગલ : ના હું અંગ્રેજી બોલતો નથી. પણ, જે બોલું છું એને લોકો અંગ્રેજી માને છે. મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું. સામે વાળાને સમજ પડે એને ભાષા કહેવાય. (ગાય છે) 'બ્રેડ બ્રેડ લીટલ સ્ટાર હાવ હી ઈઝ વન્ડર આર?

ચંપક : હવે તો તું સો ટકા પાગલ છે.

પાગલ : સીસ! પાગલ નહીં કહેવાનું. માણસ કહે માણસ. અને માણસ પણ કહેવાની શરમ આવે તો મને બુદ્ધિપ્રસાદ કહે. મારું નામ બુદ્ધિપ્રસાદ છે. બુદ્ધિ મને પસાદમાં મળેલી છે. લે.. બ્રેડ ખા!

ચંપક : એ ચશ્કેલ, મને લાગે છે કાં તો તું કોઈ હારેલો નેતા છે, અથવા તો અક્કલ વગરનો બ્રહ્મચારી છે!

પાગલ : એટલે?(ચંપકનો કોલર પકડી લેતાં!) તું તારા મગજમાં સમજે છે શું? હું નેતા, અને તે પણ હારેલો નેતા એમ? હું અક્કલ વગરનો બ્રહ્મચારી એમ?

ચંપક : અરે છોડ, મારો કોલર છોડી દે. કોલર સાથે મસ્તી નહીં. મારી ભૂલ થઇ ગઈ બસ?

પાગલ : છટ, આજ તો જવા દઉં છું, પણ ફરી ક્યારેય કોઈ પાગલને પણ પાગલ કહી બોલાવીશ નહીં. તને ખબર છે, પાગલ થવા માટે પણ માણસ તરીકે જનમ લેવો પડે છે.

ચંપક : હા, સમજી ગયો. એકવાર કહ્યું ને કે મારી ભૂલ થઇ ગઈ. પણ મને જરા એ તો કહો વડીલ, આ ૨૦૧૨ ના કેલેન્ડર લઈને બાગમાં કેમ ફરો છો?

પાગલ : હું આ ઈસ્વીસન ૨૦૧૨ ને બદલવા માંગુ છું.

ચંપક : એટલે? કંઈ સમજાય એવું બોલ ભાઈ!

પાગલ : જો, સાંભળ, આ કેલેન્ડરની હું નાની નાની કચ્ચર કરીશ. પછી એ કચ્ચરને ફૂંક મારી હું હવામાં ઉડાડીશ. ફૂઊઊ.. જો આ જાય વર્ષ, પેલું જાય વર્ષ, હવામાં ઉડતું વર્ષ.. બાય બાય.. બે હજાર બાર ને બાય બાય! એઈઈ ગયું ૨૦૧૨ નું વર્ષ..

ચંપક : મને લાગે છે, તું છે તો માણસ જ. પણ તારા મગજનો કેમેરો હલી ગયેલો છે. આમાં તારો કોઈ ફોલ્ટ નથી. મેન્યુફેકચર ડીફેકટ છે..

પાગલ : એ તારો વહેમ છે. તારા બે મગજમાંથી માત્ર એક જ મગજ ચાલુ છે. તું તારી કુંડળીમાંથી ભવિષ્ય શોધે છે. અને હું વર્તમાન સ્થિતિ પ્રમાણે મારી કુંડળી રોજ બનાવું છું. મારી કુંડળી જનમ પ્રમાણે નથી બનતી કરમ પ્રમાણે બનાવું છું, અને કરમ પ્રમાણે જીવું છું. કહો કે, રોજનો હિસાબ રોજ! તારી જેમ નહી કે, પલાંઠી વાળી બેસી રહેવું અને કુંડળીમાંથી કાંદો નીકળવાનો હોય તેમ તેના ભરોસે જીવતા રહેવાનું!

ચંપક : હવે તું હદ કરે છે હં.. દોસ્ત. ધાર કે મારું એક જ મગજ ચાલુ છે, પણ તારા તો બંને મગજના પાટિયા ફૂટેલા છે!

પાગલ : અરે મૂક એ બધી વાત.. જો પેલા ૨૦૧૨ ની ચિતામાંથી ધુમાડો શરુ થયો. હમણાં થોડી જ વારમાં એમાં ભડકો થશે. પછી જોઇ લો આ બંદા ૨૦૧૨ ને કેવું ભસ્મીભૂત કરે છે. મારી ફૂંકમાં એ તાકાત છે.

ચંપક : હું હારી ગયો દોસ્ત.

પાગલ : તને પેલી માણસ અને સિંહની વાર્તા ખબર છે?

ચંપક : ના નથી ખબર બોલ!

પાગલ : ઈન્ટરેસ્ટીંગ! એક ભૂખ્યો સિંહ, માણસને ખાવા માટે એની પાછળ દોડે છે. માણસ જાન બચાવવા ભાગે છે, અને થાકી જાય એટલે એક ઝાડ પર ચઢી જાય જ્યાં પ્રથમથી જ એક વિકરાળ વાંદરો બેઠેલો છે. વાંદરાએ માણસનું સ્વાગત કર્યું. અને માણસને હાશ થઇ. માણસ ઊંઘી ગયો. પણ

સિંહ નીચે બેસી માણસની રાહ જોતો હતો. સિંહે વાંદરાને કહ્યું, તું માણસને ધક્કો મારી નીચે પાડી દે એટલે હું મારો શિકાર કરીને ચાલી જાઉં.

ચંપક : પછી વાંદરાએ માણસને ધક્કો માર્યો? એણે વાંદરવેડા કર્યા?

પાગલ : ના! વાંદરાએ સિંહને કહ્યું, આમ કરું તો મારો કુળધર્મ લાજે. માણસ તો મારી સુધરેલી આવૃત્તિ છે. મારા પરિવારનો ભાગ છે. હું તો એનો વડલો છું.

ચંપક : ઓહ.. એટલે કે વાંદરે વાંદરવેડા ને બદલે માણસવેડા કર્યા એમને? પછી? ઇન્ટરેસ્ટીંગ

પાગલ : એ બબૂચક... આમ પછી પછી શું કરે છે? વાંદરો વિકરાળ હોવા છતાં એનામાં માણસાઈ હતી. જ્યારે તું તો માણસ હોવાનો ડોળ કરે છે! એણે માણસને બચાવ્યો, ત્યારે સિંહે એટલું જ કહ્યું કે, સાલા. વાંદર તે વાંદર જ રહેવાના.

ચંપક : ધન્ય છે અમારા પૂર્વજો..

પાગલ : હા, પણ ધીમો પડ! ચાન્સ મળે એટલે ઝંડા કાઢવાની તારી ટેવ જતી નથી. વાંદરે તો માણસવેડા બતાવ્યા, પણ માણસે વાંદરવેડા રાખ્યા. થયું એવું કે, માણસ જાગ્યો ત્યારે વાંદર ઊંઘી ગયેલો. પેલા સિંહે માણસને કહ્યું, 'મને ખૂબ ભૂખ લાગી છે. તું વાંદરને ધક્કો મારી દે, એટલે મારી ભૂખ સંતોષાતા હું અહીંથી રવાના થાઉં.' અને સ્વાર્થી માણસમાં રાક્ષસ ઉભો થયો, પોતાનો જાન બચાવવા માણસે ઊંઘતા વાંદરને જોરથી ધક્કો માર્યો. વાંદર નીચે પડી ગયો. પણ એના હાથમાં

એક ડાળ આવતા છેક નીચે પડતા બચી ગયો.

ચંપક : ઓહ.. માય ગોડ..

પાગલ : હા, વાંદરમાંથી માણસ બનતા ભલે કરોડો વર્ષ ગયા હોય, પણ માણસમાંથી વાંદરો બનતા ચપટીનો પણ સમય જતો નથી.

ચંપક : તારી વાત સો ટકા સાચી છે, પછી વાંદર કંઈ બોલ્યો?

પાગલ : હા, વાંદરે માણસને કહ્યું, 'આજથી તું કોઈને ન કહીશ કે અમારા પૂર્વજો વાંદર હતા.'

ચંપક : (તાળી પાડતાં) વાહ દોસ્ત, તું પાગલ તો નથી જ. ચાલ આ ૨૦૧૨ ના વર્ષમાં છેલ્લા ભેટી લઈએ. અને સાથે મળી મારી જનમકુંડળી અને તારા કેલેન્ડરની કચ્ચર ઉડાડીએ. અને આવનારા નવા વર્ષનું સ્વાગત કરીએ.

હેપ્પી ન્યુયર દોસ્ત!

## સભ્યતાના પંચક.

આમ તો મગજમાં એક પણ ગાંઠ નથી. ફોટોગ્રાફર તો ઠીક, એક્સ-રે વાળા પાસે પણ ફોટો પડાવી જોયો, તો સાલા ત્યાં પણ પૈસા પડી ગયા! પથરા તો ઠીક, એક ગાંઠ કે સામાન્ય પથરું પણ ન નિકળ્યું! પણ આ વખતે તો મગજે ગાંઠ બાંધીને નક્કી કર્યું છે કે કુતરા-બિલાડા પાળવાને બદલે આ બંદાએ સભ્યતા પાળવી એટલે પાળવી! મારી સમીસાંજની પારિવારિક સભામા જમતા જમતા મેં દિવાળીના સપરમાં દિવસે એક “ઢંઢેરો“ બહાર પાડ્યો કે, ‘આ વખતની દિવાળી આપણે ધામધૂમથી ઉજવવી. પણ એ રીતે ઉજવવી કે આપણા ઘરમાંથી સભ્યતા છટકે નહીં. માટે ઘરના તમામે તમામ સભ્યોએ ફટાકડાનો ધુમાડો કાઢવાને બદલે મગજમાંથી અસભ્યતાનો ધુમાડો જ કાઢવો. આજુબાજુ - આડોશપાડોશને લાગવું જોઇએ કે આ લોકો આ વખતે “એન્ટિક“ દિવાળી ઉજવે છે. સભ્યતા ઉજવણી માટે મને વિશ્વાસ છે કે દિવાળીના દિવસો જ આપણા દિ' વાળશે! આ સાંભળી બધાના મોઢામાંથી જાણે ઘૂઘરા - ખાખરા કે  ગાંઠિયા - પાપડી ખૂંચવી લીધા હોય એમ બાઘા બની ગયા. કોઈ કાંઇ બોલ્યા તો નહીં, પણ ખલ્લીની જેમ બધા એક બીજા સામે જોઈને લુચ્ચું હસવા લાગ્યા. ચકો આ સમયે પાણી પીતો હતો, એને એવો અંતરસ ગયો કે મોંઢા વાટે લીધેલું પાણી આગળ વધવાને બદલે નાકમાંથી જ પાછું વળ્યું. પેલું ભજન છે ને કે, “તારો અવસર ચાલ્યો જાય, કે મનવા ભજ તું હરિનું નામ!“ આ ભજન પર વિશ્વાસ કરીને અમે બરાબર અગીયારસથી સભ્યતાનું પંચવાડિયું ઉજવવાનું જાહેર કર્યું. વાઘબારસ, ધનતેરસ, કાળીચૌદશ અને દિવાળીના દિવસોને અમે “પંચવાડિયું“ તરીકે પ્રસિદ્ધિ અપાવવા ઠેર ઠેર ફ્લેક્ષ લગાવ્યા. પરિવારની તમામ વ્યક્તિ પગના મોજાથી માંડી માથાના વાળ સુધી માત્ર ને માત્ર સફેદ વસ્ત્રો જ ધારણ કરશે અને કોઈપણ વ્યક્તિ સભ્યતા તોડે નહીં એ માટે ઘરના અગ્નિ ખૂણામાં એક કંટ્રોલ રૂમ પણ ઉભો કરવામાં આવ્યો. તમામ પાસેથી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી કે, ‘બીજી કોઈ પણ બાબતમાં એટલે કે ખાવામાં - પીવામાં - હરવામાં - ફરવામાં - રડવામાં અને હસવામાં કંટ્રોલ રહે કે ન રહે, પણ બકબક કરતી વેળા તમામે પોતાના મગજ ઉપર કંટ્રોલ અચૂક રાખવો. ફરાળમાં ફ્રૂટ નહીં પણ માત્ર બરફ જ ખાવો. સાચું પૂછો તો બધાનું મગજ બગાડવામાં શ્રેષ્ઠ ફાળો તો મારો જ હતો. પણ મારાથી બોલાય કેમ? કહેવાય છે ને કે, “સમરથકો નહીં દોષ ગોંસાઈ.“ વાઘને કોણ કહેવા જાય કે લાવો દાદા તમારા દાંત સાફ કરી આપું. કુટુંબમાં બીજાઓને તો મગજ છે કે નહીં એની ખબર પણ નહીં હોય. કારણ તેમનું મગજ ક્યારેય ગયું જ ના

હોય તો બિચારાઓને ક્યાંથી ખબર પડે? એમને તો એ પણ ખબર ન હોય કે મારા માથામાં મગજનું અસ્તિત્વ છે કે કોબીજના ગોટાનું.

જેમ તેમ કરીને સભ્યતાના મંગળાચરણ શરૂ તો કર્યા, ચક્રો ગતિમાન થયા. આખી રાત કૂતરાના રડવાના અવાજથી મારી ઊંઘ બગાડનાર કૂતરો સામે મળતા જ તેના ઉપર દંડાપ્રહાર કરવાની રાબેતા મુજબની ભૂલ થઈ ગઈ. કોઈએ જોયું તો નથી એની ખાતરી કરીને મેં કૂતરાની માફી માંગી લીધી, અને તે જ્યાં બેઠો હતો ત્યાં સામે જઈને તેને દંડવંત પ્રણામ કરી આવ્યો. પછી ઉગતી ઉષા અને અગિયારસે પત્નીને પ્રથમ "ડાર્લિંગ" કહીને અચાનક સંબોધી નાંખી. પણ આ સાંભળી પત્ની બી ગઈ! અને પછી પૂછ્યું પણ ખરું કે, "આ ડાર્લિંગ એટલે શું?" ડાર્લિંગનો અર્થ સાંભળીને જાણે અચાનક દાળ ઉભરાઈ ગઈ હોય એવો એને આંચકો લાગ્યો. છોકરાઓના માથે વ્હાલથી હાથ ફેરવવા ગયો તો બિચારા છોકરાઓથી ચીસ પડાઈ ગઈ, 'પપ્પા!' શું કરે બિચારા? એક બાપ તરીકેનો ઇતિહાસ એટલો સારો ન હતો કે બાળકોને ગભરાટ ન થાય! ત્યાંથી વટીને ચમન વડીલોને જે જે કરવા ગયા તો એ પણ બેઠા હતા ત્યાં જ ગુલાંટિયું ખાઈ ગયા. આજે સૂરજ કઈ દિશામાં ઊગ્યો છે, એ જોવા બેઠા. એમને શંકા ગઇ કે સૂરજ ઉગવાની દિશા પૂર્વ છે કે પશ્ચિમ? જાણે હું વન-વેમાં ઘૂસી રહ્યો હોઉં એવું ધીરે ધીરે બધાને લાગ્યું.

લાગે જ ને ભાઈ? એમને તો ઠીક, મારા ઢેફાં ખાઈ ખાઈને અધમુઆ બનેલા મારા કુતરાને જ્યારે મેં સૂકા રોટલાને બદલે બ્રેડ મૂક્યું તો એ પણ ભાવુક બની ગયો. એણે પહેલા તો મારું ફેસ રીડીંગ કર્યું. પછી બ્રેડ સૂંઘ્યું અને ઝેર મેળવ્યાની શંકાથી ભાગી છૂટ્યો. એ જોઈને મને એટલું જ્ઞાન તો જરૂર લાધ્યું કે, "સભ્યતા જો નહી જાળવીએ તો કુતરા જેવા કુતરાને પણ માણસ પરથી વિશ્વાસ ઉઠી જાય, માણસના તો શું પલાખા પૂછવા? સભ્યતાના પદાર્થ પાઠ કુતરા પાસેથી શીખવા મળે એ માણસ જાતની મોટામાં મોટી કમનસીબી છે.

પણ, કવિ નર્મદ કહે છે એમ.. 'ડગલું ભર્યું તો, ના હઠવું ના હઠવું" ની બ્યુગલ વગાડી નર્વસ થવાને બદલે, હિંમત ભેગી કરી. અને ગાંધીજીએ કહેલું કે, "કાગડા અને કૂતરાના મોતે મરીશ પણ આઝાદી લીધા વિના હું નહીં જંપુ." એમ હું પણ સભ્યતાના ઢોળ નહીં ચઢે ત્યાં સુધી દિવાળીમાં એક પણ ફટાકડો તો ન ફોડવો, પણ એનો અવાજ પણ ન સાંભળવો.. એવો નિર્ણય લઇ બેઠો. ભલે મારા

ફટાકડાનું સુરસુરિયું થાય, ભોંય ચકરડી ઉંધી ફરે કે સીધી, ખરખરિયા ખાટા બને કે ખોરા, પણ સભ્યતામાં કોઈ બાંધછોડ ન કરવી.

થયું એવું કે મારા સુધરેલા વર્તનમાં મને જ શંકા થવા લાગી. પત્ની સંકટચોથના દીવા કરવા માંડી. ગણપતીબાપાની આરતી ઉતારવાને બદલે મારા પરથી મીઠું મરચું ઓવારવા લાગી. મારી મા તો એક મજબુત ભૂવાને બોલાવી લાવી. ઘડીભર તો થયું આ સભ્યતાની લપમાં હું ક્યાંથી ફસાયો? કોઈ મારી સભ્યતાને આવકારવા તૈયાર ન હતું, માણસ જ્યારે આખી જીંદગી અસભ્યતાને માર્ગે ચાલે ત્યારે એ અસભ્યતા જ સત્ય સભ્યતા બની જાય છે, એ મને ત્યારે સમજાયું. સાચું માનશો? પેલા કઠોર હૃદયના બરછટ ભુવાની ધૂણી અને મીઠા મરચાનો ધુમાડો, બધું જ સહન કર્યુ પણ મારી સભ્યતાને આંચ ન આવી. મેં મહામુસીબતે જાળવી. ઘરના માણસને ભુવાએ પુછ્યું, “આ સભ્યતાબેન છે કોણ? હજી લાવો મરચાં, આજે હું એ સભલીનો.. ખાતમો બોલાવી દઈશ!" મેં કહ્યું, 'હે ભૂવા બાપજી, સભ્યતા કોઈ બહેન પણ નથી, અને ભાઈ પણ નથી. તમે બોલવામાં સભ્યતા રાખો ગુરુદેવ.' ત્યાં તો એમને ફરી અગ્નિમાં મીઠું-મરચું ભભરાવી છમ્મ બોલાવી દીધું.

જે થયું તે થયું, પણ મારા આ વર્તાવથી પાડોશીના મોઢાં પડી ગયા કેમ કે સવાર પડતાની સાથે જ શરુ થતા અમારા ગોલંદાઝ ઝગડા એમના કર વગરના મનોરંજન બનતા હતા જે એમને આજે સાંભળવા ન મળ્યા. જે પરિવારે આખુ વર્ષ કરમુક્ત મફત મનોરંજન પૂરું પાડ્યું હોય એ એકાદશી જેવા સપરમાં દિવસે શાંત થઇ જાય એનું એમને આશ્ચર્ય થયું. પણ મેં મારી સભ્યતાને આંચ ન આવવા દીધી.

ઘર છોડી મહોલ્લામાં ગયો. મહોલ્લામાં જેની જેની સાથે આથડ્યો હતો એને પણ જઈને મળ્યો. બધાને જય જય કર્યા. કોઈએ સામેથી જય જય કર્યા, તો કોઈએ જા.. જા કર્યું. પણ મેં એની પરવા ન કરી. કારણ જેમ સરકારનો ફાઈવ યર પ્લાન હોય, એમ મારો આ ફાઈવ ડેઝ પ્લાન હતો. ફેર એટલો કે, સરકારની જેમ હું મારા ફાઈવ ડેઝ પ્લાનમાં નિષ્ફળ ન જાઉં એની હું બારીક તકેદારી રાખતો હતો. ગમે તેમ કરી દિવસનો પહેલો પહોર તો સભ્યતામાં નીકળી ગયો.

બપોર થઈ, જમવા બેઠો તો સાલી દાળ સાવ પાણી જેવી હતી. અને આપને તો ખબર છે કે જેની દાળ બગડી એનો દહાડો બગડ્યો, અથાણું બગડ્યું એનું વર્ષ બગડ્યું અને પત્ની બગડી એની જીંદગી

બગડી. કરવુ શું? સભ્યતા એકાદશીનું વ્રત હતું એટલે દાળના પાણીની પરવા કર્યા વગર હું જ પત્ની આગળ પાણી પાણી થઇ ગયો. દાળનું અસલી સ્વરૂપ પામવા માટે દાળનું પાણી પી ગયો. અને દાળને મેદાનમાં લાવી ભાત સાથે ખાઈ ગયો. પત્નીને કહ્યું, 'વ્હાલી.. સભ્યતા એકાદશીના ટાણે તારી આ પાણીવાળી દાળ જોઈને મને લાગે છે કે તું કેવી અને કેટલી પાણી-પાણી થઈ ગઈ છે કે એ બધુ પાણી દાળમાં આવી ગયું! મને કહે, "ચૂપ! આ શું તમે બધા ઢોંગ માંડ્યા છે? તમને થઇ ગયું છે શું?"

મેં કહ્યું, "સભ્યતા.."

મને કહે, "ધૂળમાં પડે તમારી આ સભ્યતા! નક્કી કોઈએ તમને મેલી મુઠ મારી છે. એ વિના તમે આવું કરો જ નહીં. ઉભા રહો, તમારા માથેથી મને ચોખા ઓવારવા દો."

મેં કહ્યું, 'ડાર્લિંગ!'

મને કહે, 'ચૂપ, મારે તમારા આ બધા લવારા હવે નથી સાંભળવા. કાલે હું તમને અઘોરમાં અઘોરી ભગત પાસે લઇ જાઉં છું.'

મે કહ્યું, 'શાંત થા મારી આર્ય નારી. ભગત તો જગતકો ઠગત હૈ,

'અને તમારી આ સભ્યતા?' એણે પૂરક પ્રશ્ન કર્યો પછી વેધક પ્રશ્ન કર્યો, 'આ સભ્યતા કયા ગામની બલા છે, બોલો જોઉં.. હમણાં હું એનો ચોટલો પકડીને સીધી કરી નાખીશ..

મારાથી ચીસ પડાઈ ગઈ 'સત્યાનાશ!'

ત્યાં અંદરથી અવાજ આવ્યો, શાંત થા વત્સ! સંતો મહાત્માઓએ આવું તો અનેકવાર સહન કર્યું છે. તારે તો માત્ર પાંચ જ દિવસ સાચવવાના છે. સભ્યતામાંથી ચલિત મત થા!

હું ગૂંચવાઈ ગયો. જેમ અઠંગ ખેલાડી બેધારી તલવારના ખેલ ખેલે એમ મને પણ થયું કે, 'જો જગતને મારી સભ્યતાની હાંસી જ ઉડાવવી હોય તો લાવ મારી સભ્યતાની ઐસી કી તૈસી કરી નાખું. હું એને કઈ ભાષામાં સમજાવું? જો કે મારી પણ મર્યાદા છે કેમ કે, બીજી એકપણ ભાષા કયા લલ્લુને આવડે? મારામાં મહાત્મા ગાંધીજીનો આત્મા પ્રવેશ પામ્યો હોય એમ હું સમજાવવા લાગ્યો કે સારું

બોલવું, સારું વિચારવું, સારું વરતવું એને સભ્યતા કહેવાય! હજી આગળ બોલું ત્યાં એણે જોરદાર છીંક ખાધી અને ફરી મારાથી બોલાયું, 'સત્યાનાશ!'

જો કે એનો વાંક નથી. એ ક્યાં કસ્તુરબા છે કે ગાંધી વિચારધારાને સમજી શકે. છતાં મે કહ્યું, 'છીંક પણ સભ્યતાથી ખાવી જોઇએ. છીંકના પણ પ્રકાર હોય જેમ કે ઈંગ્લીશ છીંક, ધાર્મિક છીંક, ક્લાસિકલ છીંક, કુતરા ભગાડ છીંક, નોનસ્ટૉપ છીંક વગેરે વગેરે..'

'મારે તમારા છીંકના ભાષણ નથી સાંભળવા. દિવાળીના સપરમા દિવસોમાં આ ઢોંગ મૂકો તો સારું.' આ સાંભળી હું બેઘડી તો વિચારમાં પડી ગયો. જો મારી સભ્યતાને આ ઢોંગ કહેતી હોય તો મારું અસભ્ય વર્તન જ મારી સાચી વાસ્તવિક્તા હશે? એનો સાચો આનંદ શું મારી વાસ્તવિકતા હશે? આવા અવાસ્તવિક વિચારમાં ને વિચારમાં હું પાણીને બદલે પાણીવાળી દાળથી હાથ ધોઇને ઊભો થઈ ગયો. ગણગણાટ હું રોકી શક્યો નહીં.

આમ એકાદશી તો માંડ પૂરી થઈ! એના પછી આવી વાઘબારસ. અમને જેટલી વાઘણ બારસ ધારે છે, એટલી વાઘ બારસ ધારતી નથી જે અમને વારસામાં મળેલી ભેટ છે. અમે વાઘ બારસને બદલે હમેશ વાઘણ બારસ જ ઉજવી છે. એ બડ બડ ના કરે એ માટે સરકસમાં જેમ વાઘની બાજુમાં બકરી ઊભી રહે એમ હું ઊભો રહ્યો. એને સમજાવી, હું સભ્યતા પંચવાડિયું ઉજવી રહ્યો છું એટલે પાંચ દિવસ તો આમ જ ચાલશે.

આમ કરતાં ધનતેરસ આવી. એ દિવસે અમે ધન ધોવાને બદલે માત્ર બાકી બીલો જ ધોઈ કાઢીએ છીએ. દિવાળી પણ ઘરવાળી આવે ને જાય એમ ગઈ. નવા વર્ષના દિવસે ઇસુખ્રિસ્તની માફક ભગવાનને પ્રાર્થના કરી, 'હે પ્રભુ, આ લોકોને માફ કરી દેજે, કારણ આ લોકો એ નથી જાણતા કે, સભ્યતા શું છે.